વક્તા, સાહિત્યકલાપ્રેમી, શતાવધાની, તપસ્વી, ક્રિયાનિષ્ઠ શિષ્યોની ભવ્ય પરંપરા નક્ષત્રોની જેમ ઝળહળી રહી છે– જેમાં શ્રી વિજયયશોદેવસૂરિજી, શ્રી વિજયજયાનંદસૂરિજી, શ્રી વિજયકનકરત્નસૂરિજી, શ્રી વિજયમહાનંદસૂરિજી, શ્રી વિજયસૂર્યોદયસૂરિજીની મુખ્યતા છે. એવા એ અજોડ અનુપમ આચાર્યભગવંત શ્રીમદ્ વિજયધર્મસૂરીશ્વરજી મહારાજને કોટિ કોટિ વંદન !

( સંકલન : શ્રી ધી. ટો. શાહના એક પ્રકાશિત લેખનું સંવર્ધન-સંકલન. )

## આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત, આજીવન જ્ઞાનોપાસક, કલામર્મજ્ઞ, વિપુલ સાહિત્યકૃતિઓના સર્જક–સંપાદક, પરમ શાસન પ્રભાવક, સાહિત્ય કલારત્ન

# પૂ. આચાર્યશ્રી વિજયયશોદેવસૂરીશ્વરજી મહારાજ

## અજોડ વ્યક્તિત્વ અને અનેરી પ્રતિભા ધરાવતા એક વિવિધરંગી જીવનનું એક અનોખું ભવ્ય દર્શન

અત્યંત પ્રાચીન કાળથી ગુજરાતે એવાં માનવરત્નો નિપજાવ્યાં છે કે જેમનું કાર્યક્ષેત્ર ગુજરાતની સીમાની પેલે પાર ક્યાંય ને ક્યાંય સુધી વિસ્તરેલ હોવા ઉપરાંત, એમની સિદ્ધિઓને કાળ પણ કદી ગ્રસી શક્યો નથી, નામશેષ કરી શક્યો નથી. ઉપદેશરત્નોની તથા આચારસંહિતાની એમની મંજૂષા પાંડવોના અક્ષયપત્રની જેમ ગમે તેટલી ખાલી કરવા છતાં એવી ને એવી સભર રહે છે. પુરાતન સમયમાં અને ઇતિહાસમાં એવાં અનેક સાધકો, સંતો, સતીઓ, શ્રેષ્ઠિઓ, અને રાજવીઓ આ ભૂમિમાં થઈ ગયા કે જેઓ ગુજરાતની સંસ્કારિતાનું ગૌરવ વધારતા જ રહ્યા. સૈકે સૈકે અને ક્યારેક તો દસકે દસકે આવી ધર્મશૂર, કર્મશૂર અને સેવાપરાયણ વ્યક્તિઓ ગુજરાતની સંસ્કારભૂમિમાં પાકતી જ રહી અને માતા ગુર્જરીના કીર્તિમંદિરને વધુ ને વધુ શોભાભર્યું બનાવતી જ રહી. આજે અહીં એક એવી જ વિભૂતિનો સંક્ષિપ્ત પરિચય આપતાં આનંદ અને ધન્યતા અનુભવાય છે. એ ત્યાગી છે, સંત છે, જ્ઞાનની સાક્ષાત્ ગંગા છે, નમ્રતા અને પ્રસન્નતાની પ્રેરક મૂર્તિ છે, સાહિત્ય અને કલાના પરમ ઉપાસક છે. એ સહુને સમતાથી નિહાળે છે, સહુના કલ્યાણની કામના કરે છે, એ વંદનીય વિભૂતિનું નામ છે પૂજ્ય આચાર્યશ્રી વિજયયશોદેવસૂરીશ્વરજી મહારાજ.

**જન્મ અને બાલ્યાવસ્થા :** જેની પાછળ અનેક રોમાંચક ઇતિહાસની ઘટના છુપાઈ છે એવી સુપ્રસિદ્ધ પ્રાચીન નગરી દર્ભાવતી (ડભોઈ) એ પૂજ્યશ્રીની જન્મભૂમિ. વિ. સં. ૧૯૭૨ના પોષ સુદ બીજ, તા. ૭–૧–૧૯૧૬ના મધ્યરાત્રિએ પિતા નાથાલાલ વીરચંદ અને

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

માતા રાધિકાબેનને ત્યાં પુત્રરત્નનો જન્મ થયો. બાળકનું નામ પાડ્યું જીવણલાલ. વીશાશ્રીમાલી જ્ઞાતિમાં જન્મેલા જીવણલાલે જન્મ થતાં પહેલાં પિતાની શીળી છાયા અને જન્મ પછી પાંચ જ વરસમાં માતાની વાત્સલ્યભરી છત્રછાયા ગુમાવી દીધી. એ પછી તેમનો ઉછેર તેમના વડીલ બંધુ શ્રી નગીનભાઈએ કાળજીપૂર્વક કર્યો. તેમની સ્મરણશક્તિ અતિ તીવ્ર હતી. ગુજરાતી શાળામાં છ ધોરણ અને અંગ્રેજીનાં ત્રણ ધોરણનો અભ્યાસ કર્યો. ચાર વર્ષની ઉંમરે ધાર્મિક પાઠશાળાના અભ્યાસની શરૂઆત કરી. આઠ–નવ વર્ષની વયે સંગીત–કલા પ્રત્યેની અભિરુચિને કારણે ડભોઈની સંગીતશાળામાં જોડાયા. ભારતરત્ન ફૈયાંજખાંના ભાણેજ ગુલામરસૂલખાં પાસે સંગીતનો અભ્યાસ કર્યો. સંગીતનાં હારમોનિયમ, ફિડલ, બંસરી, સારંગી, તબલાં વગેરે વિવિધ વાદ્યો અને ૫૦ જેટલાં નોટેશન સાથે રાગ–રાગિણીઓમાં તેઓ પ્રવીણ બન્યા. સંગીતની પરીક્ષાઓ પણ આપી. ઉપાધ્યાય શ્રી સકલચંદ્રજીકૃત સત્તરભેદીપૂજાઓ સંગીતશાસ્ત્રના અતિ ઉચ્ચ કક્ષાના ક્લિષ્ટ ૩૫ ૩૫ રાગ–રાગિણીઓની સ્વરલિપિ સાથે શીખી લીધી. સુંદર મીઠાશભર્યા કંઠ અને ગાવાની સુંદર હલક સાથે જૈનસંઘના પ્રોત્સાહનથી નૃત્યકલા શીખ્યા અને તેમાં ટૂંક સમયમાં આગવી કુશળતા પ્રાપ્ત કરી. બુહારી તથા જલાલપુર જેવાં સ્થળોએ ધાર્મિક ઉત્સવોમાં પોતાના સાથીમિત્રો સાથે જબ્બર જનમેદની સમક્ષ સમૂહનૃત્યમાં પોતાની વિશિષ્ટ કલાનું ભવ્ય દર્શન પણ કરાવ્યું.

**સંયમના માર્ગે :** સમય અને સંજોગો પલટાય તેમ માનવના ભાવ પલટાય છે. વ્યાવહારિક અને ધાર્મિક શિક્ષણથી તેમ જ સંગીત અને નૃત્યકળાના સુભગ સંયોગથી તેમનું જીવનઘડતર ઉત્તમ પ્રકારે થયું, અને તેઓ ઉજ્જવળ કારકિર્દીની આગાહી આપવા લાગ્યા. પરંતુ આ જ અરસામાં, વિ. સં. ૧૯૮૫માં, પૂ. આ. શ્રી વિજયમોહનસૂરીશ્વરજી મહારાજ આદિ પરિવારનું ચાતુર્માસ ડભોઈ થયું. જીવણભાઈ તેઓશ્રીના શિષ્ય-પ્રશિષ્યના પરિવારના પરિચયમાં આવ્યા. જ્ઞાની સદ્‌ગુરુના યોગે તેમના અંતરમાં સંયમ-ચારિત્રની ભાવના જાગી, અને તેમના જીવનનું વહેણ બદલાયું. દીક્ષા લેવા માટે કુટુંબીઓને અનુકૂળ કરવા ડભોઈથી વડોદરા સત્તર વખત નાસભાગ કરી. નાની ઉંમરમાં ઘણી તકલીફો વેઠી. છ છ વિગયનો ત્યાગ કર્યો પણ દીક્ષા માટે સંમતિ ન મળતાં ડભોઈથી વડોદરા પાસે છાણી ગામમાં ગુરુજી પાસે જઈ દીક્ષા લીધી. સુખી અને સમૃદ્ધ કુટુંબ અને જીવણભાઈ ઉપરનો કુટુંબીજનોનો અગાધ પ્રેમ, એટલે દીક્ષાનાં કષ્ટો શી રીતે ઉઠાવી શકશે એ વિચારથી કુટુંબીજનો તેમની દીક્ષા સામે વિરોધી બન્યા. ઘેર લઈ જવા માટે વડોદરાની કોર્ટમાં કેસ કર્યો. કોર્ટના કમ્પાઉન્ડમાં હજારો માણસોની ભીડ જામતી. ત્રણ દિવસ કેસ ચાલ્યો. કાયદાના અધીન જજે દીક્ષા માન્ય ન રાખી, અને કુટુંબીઓને પાછા સોંપ્યા. ત્યાર બાદ, એક વર્ષ સંસારમાં રહ્યા. પરંતુ આ સમયગાળામાં તેમની સંયમભાવના વધુ દૃઢ બની. પોતાના અનેક પ્રયત્નો છતાં દીક્ષાની મંજૂરી ન મળી, એટલે તેઓ પોતાના ગુરુદેવ પાસે પાલીતાણા પહોંચ્યા. ત્યાં સં. ૧૯૮૭માં વૈશાખ સુદ ત્રીજ અક્ષયતૃતીયાના મંગમલ દિને યાત્રા કરીને, કદમ્બગિરિ તીર્થની પવિત્ર છાયામાં પૂ. આ શ્રી વિજયમોહનસૂરીશ્વરજી મહારાજની પાસે દીક્ષા લઈ, તેઓશ્રીના પ્રશિષ્ય મુનિશ્રી ધર્મવિજયજી

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

મહારાજ (હાલ આચાર્યશ્રી)ના શિષ્ય બની મુનિ શ્રી યશોવિજયજી નામ ધારણ કર્યું. આ રીતે પૂજ્યશ્રીને બીજી વાર દીક્ષા લેવી પડી. અડગ નિશ્ચયનો અંતે વિજય થયો. પોતે સેવેલું સ્વપ્નું સાકાર થતાં અપાર આનંદ થયો. આ રીતે સોળ વર્ષની ઊગતી વયે તેમણે સંસારનાં સર્વ પ્રલોભનોનો ત્યાગ કરી શ્રમણજીવનનો સ્વીકાર કર્યો. તે પછી પૂ. ગુરુદેવની છાયામાં રહીને શાસ્ત્રાભ્યાસ કરવા લાગ્યા. તેમાં પ્રકરણગ્રંથો, વ્યાકરણ, કાવ્ય, કોષ તથા આગમાદિ ગ્રંથોનું સારી રીતે અધ્યયન કર્યું, અને પોતાની વિરલ પ્રતિભાને લીધે ટૂંક સમયમાં જ જૈનધર્મના એક ઉચ્ચ કોટિના વિદ્વાન તરીકેનું સ્થાન પ્રાપ્ત કર્યું.

**શાસનને ચરણે** : કોઈ પણ ઉચ્ચ ધ્યેયની પાછળ સતત મંડ્યા રહેવામાં જ સાચા વિજયનાં એંધાણ છે. હકીકતમાં સફળતાની આછી રેખા પણ કાર્યમાં ઊગેલી ન દેખાવા છતાં ઉચ્ચ ધ્યેયની પાછળ જે વ્યક્તિ અવિરત અને ભગીરથ પ્રયત્નો કરે છે તે જ આખરે વિજેતા બને છે. અવિરામ અને અવિરત પુરુષાર્થ વિજયશ્રીને વરાવે છે. મુનિશ્રી યશોવિજયજી મહારાજમાં ઉપરોક્ત ગુણોનો સુભગ સમન્વય હોવાથી ટૂંક સમયમાં, એટલે કે દીક્ષાના પ્રારંભના વર્ષથી જ સ્વકીય સર્જનશક્તિથી સાહિત્યક્ષેત્રને અજવાળવા લાગ્યા. પૂજ્યશ્રીમાં અપૂર્વ અને વિશિષ્ટ કલાપ્રતિભા તો હતી જ; એમાં સમ્યક્ આરાધના અને અપ્રતિમ સાધનાનો ઉમેરો થયો. પરિણામે તેઓશ્રીની સર્જનાત્મક અને ચિંતનાત્મક શક્તિ વિકસવા માંડી. અને થોડાં વરસોમાં તો એ ક્ષેત્રમાં ચિરસ્મરણીય કુમકુમ પગલી પાડી દીધી! ૧૮ વર્ષની નાની ઉંમરમાં તેઓશ્રીએ સુપ્રસિદ્ધ 'સંગ્રહણીસૂત્ર' જેવા દળદાર ગ્રન્થનો ૬૦ ચિત્રો સાથે કરેલો અનુવાદ તેનો સ્પષ્ટ પુરાવો છે.

**અવધાનકાર** : મુનિશ્રી વડોદરામાં અવધાનકળા શીખતા હતા. પરંતુ સમયના અભાવે અધવચ્ચે છોડી દઈને પોતાના શિષ્ય મુનિશ્રી જયાનંદવિજયજીને અવધાનમાં તૈયાર કર્યા. તે પછી લોકોએ કેટલાંક કારણોસર તેઓશ્રીને અવધાન શીખવાની ફરજ પાડી અને તેઓશ્રીએ અવધાન શીખી લીધાં. વડોદરા જ્ઞાનમંદિરના હોલમાં લગભગ ૪૦૦ શિક્ષિત વ્યક્તિઓની ઉપસ્થિતિમાં ૬૦ અવધાન કરી બતાવ્યાં. ઉત્તરસાધક તરીકે મુનિશ્રી જયાનંદવિજયજી હતા. પ્રારંભમાં જ ૬૦ અવધાનથી શરૂઆત કરી હોય એવા આ પ્રથમ મુનિ છે. તે પછી મુંબઈ જવાનું થયું. ત્યાં પં. શ્રી ધીરજલાલ ટોકરશી શાહ તથા અન્ય શિક્ષિતો જોડે વાર્તાલાપ થતાં ૨૦૦ અવધાનો કોઈએ નથી કર્યાં. માટે તે અંગે મુનિશ્રીને દબાણ કરવામાં આવ્યું. પૂજ્યશ્રીએ સમય મેળવીને ૧૨૫ અવધાનો તૈયાર કર્યાં. અવધાનોમાં કેટલાંક ભારે હતા. અડધે પહોંચ્યા પછી, જાહેરજીવનની જવાબદારી વધી જતાં દ્વિશતાવધાની થવાની ઐતિહાસિક ઘટના અટકી ગઈ.

**રાજકીય અને સાહિત્યક્ષેત્રે** : આગળ જતાં, મુનિજી ન્યાય, વ્યાકરણ, અલંકાર-શાસ્ત્રો તથા શિલ્પ, જ્યોતિષ, સ્થાપત્ય, યોગ, ઇતિહાસ, મંત્રશાસ્ત્ર આદિના ઉત્કટ અભ્યાસી બન્યા. તેઓશ્રીની વિદ્વત્તા સર્વતોમુખી બની રહી. અનેક જૈન-જૈનેતર વિદ્વાનો, કલાકારો, સામાજિક કાર્યકરો, રાજકારણીઓમાં પૂજ્યશ્રી આદરણીય અને આકર્ષણનું કેન્દ્ર બની રહ્યા.

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

દીક્ષા લીધા પછી સાત વર્ષ બાદ, એટલે માત્ર બાવીશ વર્ષની ઉંમરે તેઓશ્રીથી પ્રભાવિત થઈ પાલીતાણાના ઠાકોર સાહેબ શ્રી બહાદુરસિંહજી તથા દીવાન શ્રી માનસિંહજીએ તેઓશ્રીને પોતાના હવામહેલમાં પગલાં કરવાં નિમંત્ર્યા હતા. વળી, તેઓશ્રી સાહિત્યમંદિરમાં પણ પધાર્યા હતા અને ત્યાં પ્રાચીન કળા–કારીગરીની ચીજો જોઈ ખુશ થયા હતા. ત્યાર પછી, સં. ૧૯૯૦માં રાજકોટ–સદરમાં પોતાના પૂ. ગુરુદેવો સાથે કરેલા ચાતુર્માસ દરમિયાન ગોંડલ યુવરાજ, બીલખા-નરેશ, જેતપુર–સાયલાના રાજવી, થાણા–દેવળીના દરબાર, રાજકોટ નરેશ વીરાવાળા તથા અનેક રાજ્યાધિકારીઓએ પૂજ્યશ્રીનાં દર્શન કરી, વાર્તાલાપ કરી આશીર્વાદ લીધા હતા. ગોંડલના મહારાજા સર ભગવતસિંહજીએ પોતાના વિદ્યાધિકારી શ્રી ચંદુલાલ દ્વારા પોતાની કોશકચેરીનું નિરીક્ષણ કરવા નિમંત્રણ આપ્યું. કોશની વ્યાપક પ્રવૃત્તિમાં જૈનધર્મ વિશેની માહિતી દર્શાવતા શબ્દો ઉમેરવાની વિનંતિ કરતાં 'ભગવદ્ ગોમંડળ' માટે પૂજ્યશ્રીએ ૮૦૦ પાનાં અને ૬૦ ચિત્રોવાળો, ભારે પરિશ્રમ ઉઠાવીને તૈયાર કરેલો 'સંગ્રહણીગ્રંથ' તત્કાલ મંગાવીને ભેટ આપ્યો હતો. એ જોઈ ને મહારાજાને ઘણો જ આનંદ થયો હતો. મહારાજાએ કહ્યું કે, 'કેટલાંય સ્થળે પત્ર લખવા છતાં જૈનધર્મનાં પુસ્તકો ઉપલબ્ધ થયાં નહીં. અમારો કોશ જૈનધર્મના શબ્દો વિનાનો રહે એ ખૂબ જ ખટકતું હતું. આપે આ પુસ્તક આપ્યું એટલે હવે અનેક શબ્દો મળી જશે.' મહારાજાએ તે બદલ ઘણો આભાર માન્યો. ત્યાર પછી, વડોદરાનરેશ શ્રી પ્રતાપ-સિંહરાવ ગાયકવાડનાં મહારાણી શાંતાબાઈ પરિવાર સાથે કોઠી પોળમાં નંદીશ્વર દ્વીપની રચનાના દર્શનાર્થે આવ્યાં અને મુનિશ્રીના દર્શન કરી આશીર્વાદ લીધા હતા. રાવપુરા રોડ ઉપર રાજકુટુંબને જોવા માટે માનવમહેરામણ ઊમટ્યો હતો. પૂજ્યશ્રીએ પોતાના ગુરુદેવોની હાજરીમાં મહારાણીજીને સુંદર શબ્દોમાં પ્રેરણા આપી હતી. વડોદરાનું સમગ્ર રાજકુટુંબ જૈનમંદિરમાં પધાર્યાનો આ પહેલો જ પ્રસંગ હતો.

**રાષ્ટ્રના અગ્રણીઓ મુલાકાતે :** રાજાશાહી પછી લોકશાહી આવી. અશુભ કર્મના ઉદયે નાની ઉંમરથી સ્વાસ્થ્ય પ્રતિકૂળ રહેતું હોવાથી પૂજ્યશ્રીનું વિહારક્ષેત્ર ગુજરાત, મહારાષ્ટ્ર પૂરતું સીમિત રહ્યું. તે દરમિયાન મુંબઈ અને પાલીતાણામાં અનેક રાજકીય નેતાઓ પૂજ્યશ્રીના દર્શને આવી ગયા છે. ગુજરાતના પ્રધાનોમાં શ્રી રતુભાઈ અદાણી, શ્રી રસિકભાઈ પરીખ, શ્રી બાબુભાઈ જશભાઈ પટેલ, શ્રી માધવસિંહ સોલંકી, શ્રી ચીમનભાઈ પટેલ, શ્રી પોપટલાલ વ્યાસ, શ્રી નવલભાઈ શાહ, શ્રી મકરંદ દેસાઈ, શ્રી વિજયકુમાર ત્રિવેદી, શ્રી કાંતિલાલ ઘીયા, શ્રી જશવંત મહેતા, રાજ્યપાલ શ્રી આર. કે. ત્રિવેદી, શ્રી દલસુખભાઈ પટેલ; મહારાષ્ટ્રના પ્રધાનોમાં શ્રી કન્નમવર, શ્રી વાનખેડે, શ્રી યશવંતરાવ ચવાણ, શ્રી શંકરરાવ ચવાણ, શ્રી મધુકર દેસાઈ; દેશનેતાઓમાં રાષ્ટ્રપતિ શ્રી વી. વી. ગિરિ, શ્રી મોરારજીભાઈ દેસાઈ, શ્રી વી. પી. સિંઘ, શ્રી એસ. કે. પાટિલ, શ્રી ગુલઝારીલાલ નંદા, શ્રી કે. કે. શાહ, શ્રી સરોજીની મહિષી, શ્રી સુશીલાબેન નાયર, શ્રી વિજયસિંહજી નાહર, શ્રી ચંદ્રશેખરજી, શ્રી સુંદરલાલ પટવા આદિ રાજકારણીઓ તેમ જ પૂજ્યશ્રી સાહિત્યકાર હોવાથી અનેક વિદ્વાનો મળવા આવતા; જેમાં શ્રી કાકા કાલેલકર, શ્રી રમણલાલ વ. દેસાઈ, શ્રી ધૂમકેતુ, શ્રી જયભિખ્ખુ, શ્રી મોહનલાલ ચુ. ધામી, પ્રો. રસિકલાલ

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

કાપડિયા, શ્રી ભોગીલાલ સાંડેસરા, શ્રી મનુભાઈ પંચોળી, બીકાનેરના વિદ્વાનો શ્રી અગરચંદજી નાહટા, શ્રી ભંવરલાલજી નાહટા, સ્વામી સત્યભક્ત; દિગમ્બર વિદ્વાનો પરમેષ્ઠીદાસ જૈન આદિ અનેક વિદ્વાનોએ પૂજ્યશ્રીના દર્શન કરી, જ્ઞાન અને સાહિત્ય આદિ વિષયોની ચર્ચા–વિચારણા કરી પ્રસન્નતા અનુભવી હતી.

**જૈનસમાજના આચાર્યો અને મુનિરાજો જોડેના સંબંધો :** મૂર્તિપૂજક સંપ્રદાયના કેટલાક આચાર્યો તથા મુનિવર્યો પણ પૂજ્યશ્રી પ્રત્યે આદરભાવ ધરાવે છે. ભૂતકાળમાં શાસનસમ્રાટ શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજ જોડે ખૂબ જ આત્મીય સંબંધ બંધાયો હતો. દીક્ષા કદમ્બગિરિમાં થઈ તે પછી બીજા વરસે, અંજનશલાકા વખતે, પૂ. ગુરુદેવો સાથે કદંબગિરિ જવાનું થતાં પરિચય વધ્યો અને ત્યાં એકાએક કોણ જાણે કેમ, પૂ. સૂરિજીએ વર્ધમાનવિદ્યા નામનો પટ મુનિજીને અર્પણ કર્યો. આ અકલ્પનીય બાબત હતી. પૂ. શાસન-સમ્રાટશ્રી સાથે પાલીતાણા તથા અમદાવાદમાં ઘણી ઘણી બાબતો વિશે ચર્ચા–વિચારણાઓ થતાં ખૂબ જ આત્મીયતા બંધાઈ હતી. એવી જ રીતે, પૂ. આ. શ્રી વિજયઉદયસૂરિજી મહારાજ સાથે પણ તેઓશ્રીના ગુરુતુલ્ય સંબંધો હતા. આગમોદ્ધારક આચાર્યદેવ શ્રી સાગરાનંદસૂરિજી મહારાજનો પ્રથમ યોગ સં. ૧૯૯૦માં મુનિસંમેલન વખતે અમદાવાદ–પાંજરાપોળના ઉપાશ્રયે થયો હતો, ત્યારે બૃહદ્‌સંગ્રહણી પર વિચારણા ચાલતી હતી, અને અષ્ટ રૂચકપ્રદેશો અંગે ચર્ચા થઈ હતી. આગમમંદિરના આયોજન (Planning)માં મુનિશ્રી નિકટના માર્ગદર્શક રહ્યા હતા. સહુથી પહેલું આગમ મુનિશ્રીની પ્રેરણાથી પૂ. આ. શ્રી વિજયમોહનસૂરિજી મહારાજ તરફથી નોંધાવી મંગલાચરણ કરાવ્યું હતું. પૂ. શાસનસમ્રાટશ્રીના સમુદાયમાં પણ પૂ. આ. શ્રી વિજયઉદયસૂરિજી મહારાજ વગેરે પાસે મુનિશ્રીનું આદરભર્યું સ્થાન હતું, કેમ કે તેઓશ્રીમાં સંઘભાવના, વિનય, વિવેક, ઉદાત્તતા, આત્મીયતા, મધુરતા અને વિશાળતા વગેરે ગુણોના કારણે સહુને પોતાના જ લાગે એવી એમના વ્યક્તિત્વની વિશેષતા છે. પૂ. આ. શ્રી વિજયલબ્ધિ-સૂરીશ્વરજી, પૂ. આ. શ્રી વિજયરામચંદ્રસૂરિજી, પૂ. આ. શ્રી માણેકસાગરસૂરિજી, પૂ. આ. શ્રી દેવેન્દ્રસાગરસૂરિજી, આગમપ્રભાકર મુનિશ્રી પુણ્યવિજયજી, પૂ. આ. શ્રી વિજયભદ્રંકરસૂરિજી, પૂ. આ. શ્રી કૈલાસસાગરસૂરિજી, મુનિવર શ્રી જંબૂવિજયજી, વિમલગચ્છના શ્રી શાંતિવિમલજી, ખરતરગચ્છના શ્રી સુખસાગરજી, પ્રજ્ઞાપુરુષ શ્રી કાંતિસાગરજી, અચલગચ્છના આ. શ્રી ગુણસાગર-સૂરિજી, ત્રિસ્તુતિક થોયના આ. શ્રી જયંતસેનસૂરિજી, પાયચંદગચ્છના પદસ્થ મુનિરાજો ઉપરાંત સ્થાનકવાસી સંપ્રદાયના વિદ્વાન આ. શ્રી આનંદઋષિજી, શ્રી પુષ્કરમુનિજી, શ્રી દેવેન્દ્રમુનિજી, તેરાપંથી સંપ્રદાયના પ્રધાન આ. શ્રી તુલસીજી, શ્રી નથમલજી, શ્રી રાકેશમુનિજી આદિ સાથે પણ મળવાનું થયું છે. એ સહુએ ત્યારે આત્મીય ભાવ વ્યક્ત કરી હાર્દિક આદરભાવ દાખવ્યો છે. ખ્યાતનામ આચાર્ય શ્રી સુશીલમુનિજી વરસોથી પૂજ્યશ્રી પ્રત્યે હાર્દિક અનુરાગ ધરાવે છે. મુંબઈ–દિલ્હીથી ખાસ મળવા માટે પાલીતાણા બે વાર પધાર્યા હતા. અમેરિકામાં 'સિદ્ધાચલ તીર્થ' ઊભું કરવા માટે સલાહસૂચના, માર્ગદર્શન મેળવ્યું હતું, અને બીજી પણ અનેક વિચારણાઓ કરી હતી. વક્તા ચિત્રભાનુજી પણ પૂજ્યશ્રીને મળતા રહ્યા છે. હિન્દુ સમાજના

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રથમ પંક્તિના વિદ્વાન સંન્યાસી શ્રી અખંડાનંદ સરસ્વતી તથા સુપ્રસિદ્ધ શ્રી દીક્ષિતજી મહારાજ પણ તેઓશ્રીને મુંબઈ વાલકેશ્વરમાં મળ્યા છે અને ઉપયોગી વિચારણાઓ કરી છે.

**અગ્રણી શ્રાવકો :** જૈનસમાજના વિવિધ ફિરકાના આગેવાનોમાં શેઠશ્રી કસ્તૂરભાઈ લાલભાઈ, શાહુ શ્રી શાંતિપ્રસાદજી, શ્રી શ્રેયાંસપ્રસાદજી, ચીમનલાલ ચકુભાઈ, ખીમચંદભાઈ વોરા, દુર્લભજી ખેતાણી, ભારત મહામંડળના અનેક પદાધિકારીઓ, સાધક ઋષભદાસજી, લંડનસ્થિત રતિભાઈ ચંદેરિયા, શ્રેણિકભાઈ, દીપચંદભાઈ ગાર્ડી વગેરે અવારનવાર મળીને ધર્મપ્રચાર અને શાસનકાર્યોમાં માર્ગદર્શન પ્રાપ્ત કરતા રહ્યા છે.

**સંગીતકળાના ક્ષેત્રે :** સંગીત અને અન્ય કળાની આગવી સૂઝના કારણે સુપ્રસિદ્ધ સંગીતકારો અને કલાકારો તેઓશ્રીના પરિચયમાં આવ્યા છે અને પૂજ્યશ્રીના મંત્રિત વાસક્ષેપ દ્વારા આશીર્વાદો પણ પ્રાપ્ત કર્યા છે. ૐકારનાથજી, મહેન્દ્ર કપૂર, મન્ના ડે, મુકેશ, કલ્યાણજી આણંદજી, પુરુષોત્તમ ઉપાધ્યાય, મનુભાઈ શાહ, દેવેન્દ્રવિજય પંડિત, મનુભાઈ ગઢવી, શાંતિલાલ શાહ, અવિનાશ વ્યાસ, માસ્ટર વસંત, પિનાકિન શાહ, મનહર ઉધાસ વગેરે નામી–અનામી કલાકારોએ પૂજ્યશ્રીની મુલાકાત લીધી છે અને સંતસમાગમનો આનંદ માણ્યો છે. અનેકવાર સંગીતની લ્હાણ પણ પીરસી છે. જૈન સંસ્કૃતિ કલાકેન્દ્ર તરફથી ૧૪ સ્તવનોની ધાર્મિક ગીત–સંગીતની રેકોર્ડ નિમિત્તે આ પરિચય સધાયો છે. પ્રસિદ્ધ ગાયક અને ગીતકાર શ્રી પ્રદીપજી, શોકની સામ્રાજ્ઞી મીનાકુમારી અને અભિનેત્રી શ્રી નરગીસ વગેરેએ પણ મુંબઈ–ચેમ્બૂરમાં પૂજ્યશ્રીની મુલાકાત લઈને આનંદ વ્યક્ત કર્યો છે. આ પ્રકારના વિવિધ ક્ષેત્રોના મહાનુભાવોના વિશાળ સંપર્કના કારણે મુનિશ્રીની જ્ઞાનસાધના વિશાળ અને ગહન બની, તેઓશ્રીના વિચારોમાં ઉદાત્તતા આવી, અને તેઓશ્રી ધર્મની સાથે સમાજ તથા રાષ્ટ્રના કલ્યાણને પણ સન્મુખ રાખતા રહ્યા. મૂર્તિ અને મંદિરનું શિલ્પ-સ્થાપત્યનું જ્ઞાન ઊંડું છે. નાની ઉંમરથી જ એમાં રસ હતો. એક શિલ્પજ્ઞ તરીકે પૂ. મુનિશ્રીની ઇચ્છા ૨૫–૩૦ની સંખ્યામાં દર્શનીય તરીકે કલાત્મક અને સુંદર તેમ જ શ્રેષ્ઠ કોટિનાં શિલ્પોના નમૂના તૈયાર કરાવી, પ્રદર્શન હોલ બનાવી, કાયમ માટે સ્થાપિત કરવા એવો નિર્ણય જયપુરના શ્રેષ્ઠ કલાકારની વિનંતિથી કર્યો હતો; પણ તે યોજના પડી રહી. તેમ છતાં, બીજાં પાંચેક શિલ્પો તૈયાર કરાવ્યાં જે શિલ્પો મંદિરમાં પ્રતિષ્ઠિત થયાં, તેમાં ગોડીજીમાં બિરાજમાન કરેલી ૯ ફૂટની ખડ્ગાસને રહેલી ભગવાન આદીશ્વરની મૂર્તિ, મુંબઈ-વાલકેશ્વરમાં રહેલી ભારતભરમાં અજોડ કહી શકાય અને જીવંત લાગે તેવી ભગવતી પદ્માવતીજીની મૂર્તિ (આ જ આકારની મૂર્તિઓ દેશભરમાં સેંકડોની સંખ્યામાં પ્રતિષ્ઠિત થઈ છે), તે ઉપરાંત ૨૭ ફૂટની ઘાટકોપર સર્વોદય હોસ્પિટલમાં મૂકેલી ખડ્ગાસનની મૂર્તિ તથા વાલકેશ્વરમાં મૂકેલી વિશિષ્ટ પ્રકારના શ્રી મહાવીરસ્વામીજી તથા વિઘ્નહર પાર્શ્વનાથજી તથા અન્ય મૂર્તિઓ તેઓશ્રીની કળાનું અદ્ભુત રસપાન કરાવે છે. પાલીતાણામાં પોતાના બંને દાદાગુરુની, હમણાં જ બોલશે એવા ભાવની, જીવંત મૂર્તિઓ બિરાજમાન થઈ છે તેને જોઈને લોકો મુગ્ધ બની જાય છે! ધાર્મિક અનુષ્ઠાનોમાં પણ તેઓશ્રીની પ્રતિભા ઝળકતી રહી છે. ઉપધાન–ઉજમણાં–ઉત્સવ–મહોત્સવ વગેરેમાં જનતાની રુચિ વધે

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

તેવાં કલાત્મક ચિત્રો દ્વારા અનેક નવીનતાઓ અને વિશિષ્ટ આયોજન દ્વારા નવા અભિગમો આપ્યા છે. જૈન-જૈનેતર હજારો સ્ત્રી-પુરુષો પૂજ્યશ્રીની પ્રેરણા પામીને આધ્યાત્મિક ઉત્કર્ષ સાધી શક્યા છે. આનંદની વાત એ છે કે આ અભિગમો અને નવીનતાઓ બીજા સાધુ-શ્રાવકોએ પણ અપનાવી છે. અરે, મુનિશ્રી હસ્તકનાં અન્ય શિલ્પો-કલાકૃતિઓનું અનેક પ્રાંતોનાં મંદિરોમાં અનુકરણ થયું છે. તેઓશ્રી હસ્તકની કલાકૃતિઓ જોનારને કંઈ ને કંઈ નવીનતા લાગે છે!

**વિશ્વશાંતિ-આરાધના સત્ર :** અષ્ટગ્રહયુતિના ઉપદ્રવ વખતે 'વિશ્વશાંતિ જૈન આરાધના સત્ર'ની ઉજવણી કરવાનો નિર્ણય કર્યો. પૂજ્ય ગુરુદેવોની સંમતિ મળતાં મુંબઈ મહાનગરીમાં રાજ્યપાલશ્રી શ્રી પ્રકાશના હાથે આ ઉત્સવનું ઉદ્‌ઘાટન થયું. સાથે પ્રાચીન સાહિત્ય અને કલાચિત્રોનું જંગી પ્રદર્શન યોજાયું. તેની દસ દિવસ સુધી અભૂતપૂર્વ ઉજવણી થઈ. હજારો આયંબિલોનો તપ, કરોડોનો મંત્રજાપ, નવકાર મંત્રની અખંડ ધૂનના કાર્યક્રમો યોજાયા. આખા દેશમાં આ કાર્યક્રમ થવા પામ્યો. એક અભૂતપૂર્વ ઉત્સવ ઊજવાયો. હેલિકોપ્ટરથી શહેર ફરતી શાંતિજળની જલધારા થઈ. આ ઉજવણીમાં એ વખતે નીકળેલા વરઘોડામાં ચાર લાખ લોકોએ લાભ લીધો હતો. ત્યાર બાદ, રાષ્ટ્રને સુવર્ણની જરૂર પડતાં વડાપ્રધાન શ્રી લાલબહાદુર શાસ્ત્રીજીએ જૈનો દ્વારા દેશને સોનું મળે એવી સેક્રેટરી દ્વારા ખાસ વિનંતી કરી. પ્રથમ તો મુનિશ્રીની પ્રેરણાથી રાષ્ટ્રીય સહકાર સમિતિની રચના કરવામાં આવી. બંને ગુરુદેવોના ઉપદેશથી અને મુનિશ્રીના અથાગ પ્રયત્નોથી લડાઈ માટે અનાજ બચાવવાની જરૂર હતી; તેથી હજારો માણસોને એક ટંક ભોજન છોડાવવાની જાહેર પ્રતિજ્ઞા લેવડાવી. દેશને સોનું જોઈતું હતું તેથી મુનિશ્રીએ જાહેર ભાષણો દ્વારા ૧૭ લાખ રૂપિયાનું સોનું 'સુવર્ણબોન્ડ' માટે ભેગું કરાવ્યું અને તે વખતના ગૃહપ્રધાન શ્રી ગુલઝારીલાલ નંદાને મુંબઈ બોલાવીને ગોડીજી ઉપાશ્રયની જંગી સભામાં, અનેક અધિકારીઓ, મુંબઈના પ્રથમ પંક્તિના જૈન-જૈનેતર આગેવાનો વચ્ચે એ 'સુવર્ણબોન્ડ' બહેનો દ્વારા અર્પણ કરવામાં આવ્યા. એ પ્રસંગે સમગ્ર શહેરમાં જયજયકાર વર્તી રહ્યો! સમગ્ર દેશમાં આ ઘટનાને સહુ આશ્ચર્યભાવે અપનાવી રહ્યા!

**વિવિધ સંસ્થાઓની સ્થાપના :** પૂજ્યશ્રીની આગવી પ્રતિભાથી સંસ્થાઓની સ્થાપના થઈ છે. વિવિધ પ્રકારના પ્રેરક અને અવનવી ભાત પાડતા સમારોહો અને ભવ્ય પ્રદર્શનો યોજાયાં છે; જેમાં પ્રાચીન અમૂલ્ય ચિત્રો, જાતજાતની કલાત્મક સચિત્ર પ્રતિઓ મૂકવામાં આવી હતી. આવાં બહુમૂલ્ય પ્રદર્શનોથી લાખો લોકોએ પ્રેરણા મેળવી છે. પૂજ્યશ્રી કળા-સંસ્કૃતિના ક્ષેત્રે વિશિષ્ટ ફાળો આપતા જ રહ્યા છે. જૈનોનાં ઘરોમાં જૈન સંસ્કૃતિનાં ચિત્રો, કળાની ચીજો પહોંચે તે માટે તેઓશ્રીએ 'જૈન સંસ્કૃતિ કલાકેન્દ્ર'ની સ્થાપના કરી હતી અને જૈન વેપારીઓને આગેવાની લેવાની પ્રેરણા કરી હતી. પણ આ બાબતે જોઈએ તેવો ઉત્સાહ ન જણાતાં સમગ્ર આયોજન મુલતવી રહ્યું અને મુનિશ્રીને તેનો ઘણો રંજ થયો. સત્તરમી સદીમાં જન્મેલા



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજના ગ્રંથોને પ્રગટ કરવા પૂજ્યશ્રીની પ્રેરણાથી 'યશોભારતી જૈન પ્રકાશન સમિતિ'ની સ્થાપના થઈ. એ સંસ્થા તરફથી દસ વરસમાં સંસ્કૃત, પ્રાકૃત, ગુજરાતી ભાષાના ૩૦ ગ્રંથો તેઓશ્રીની અથાગ મહેનતથી સંશોધન-સંપાદન કરવાપૂર્વક પ્રકાશિત થયા છે. આ અથાગ પરિશ્રમ માગે તેવું અત્યંત કઠિન કાર્ય પણ તેઓશ્રીએ પાર પાડ્યું. ત્યારપછી કળાનાં પ્રકાશનો માટે 'ચિત્રકળા-નિદર્શન' નામની કળા બાબત સ્વતંત્ર કાર્ય કરી શકે તેવી સંસ્થા પણ સ્થાપી. આ સંસ્થાએ પ્રગતિના પંથે પદાર્પણ કરી પ્રારંભમાં ભગવાન શ્રી મહાવીર સ્વામીનું અનુપમ ચિત્રસંપુટ પ્રગટ કર્યું છે. પ્રારંભમાં સંસ્થા તરફથી પ્રાચીન સ્તવનો, પદો અને ગીતોની રેકોર્ડ તૈયાર કરાવી, જૈનસમાજમાં એક નવી જ પહેલ કરી, આજની યુવાન પેઢીને પ્રોત્સાહિત કરી છે.

**અજોડ-અભૂતપૂર્વ વિશ્વપ્રસિદ્ધ ગ્રન્થનું પ્રકાશન** : છેલ્લા એક દશકાથી પૂજ્યશ્રીએ વિશ્વવંદ્ય ભગવાન મહાવીરસ્વામીની શાસ્ત્રીય કથાને ૩૫ સુંદર ચિત્રોમાં અંકિત કરવા માટે ભગીરથ પુરુષાર્થ સેવ્યો છે. આ ચિત્રોનું સર્જન કરવા માટે તેમણે સિદ્ધહસ્ત ચિત્રકાર શ્રી ગોકુલદાસ કાપડિયાને વારંવાર સૂચનાઓ આપી, ચિત્રો ભાવનામય અને સુંદર બને તે માટે પ્રેરણા આપી છે. તેમનું એક કલાકાર તરીકે સન્માન સાચવીને, તેમની પાસેથી કામ લીધું છે. વળી આ ગ્રંથ ચિરસ્મરણીય બની રહે તે માટે આ ચિત્રોનો પરિચય એ રીતે આપ્યો છે કે તેમાં ભગવાન શ્રી મહાવીરસ્વામીની સંપૂર્ણ જીવનકથા કડીબદ્ધ આવી જાય. પરિણામે, વાંચકોના મન પર ભગવાનનું સળંગ-સુરેખ ચિત્ર અંકિત થાય. વિશેષમાં આ ગ્રંથનો લાભ બધા લઈ શકે તે માટે તેનો ગુજરાતી, હિન્દી, અંગ્રેજી – ત્રણે ભાષામાં પરિચય આપ્યો છે. જૈનશાસનના ઇતિહાસમાં આવું પ્રકાશન પહેલી જ વાર થયું છે. પૂજ્યશ્રીનાં સૂઝસમજ, બુદ્ધિ-પ્રતિભા, અનુભવ અને કળાદૃષ્ટિ વડે તૈયાર થયેલું આ ચિત્રસંપુટ વિશ્વવિખ્યાત બન્યું છે.

**મુંબઈ-બીરલા માતુશ્રી ગૃહમાં યાદગાર ઉદ્ઘાટન** : આ અજોડ અને અભૂતપૂર્વ ગ્રન્થનો અતિભવ્ય પ્રકાશનસમારોહ તા. ૧૯-૯-૭૪ના રોજ બીરલા માતુશ્રી ગૃહ-મુંબઈમાં પૂ. ગુરુદેવોની અધ્યક્ષતામાં ભારે જનમેદની વચ્ચે આનંદપૂર્વક થયો હતો. બીરલા સભાગૃહમાં ૩૦ વર્ષમાં આવો સમારોહ થયો ન હતો. એ વખતે મહારાષ્ટ્રના શિક્ષણપ્રધાન શ્રી અનંતરામ જોષીએ આ ગ્રંથનું પ્રકાશન કર્યું હતું. દેશભરમાંથી ગવર્નરો, પ્રધાનો, આચાર્યો, વિદ્વાનો અને અનેક સંઘોના સંદેશાઓ આવ્યા હતા. ચારેય સંપ્રદાયના આગેવાનોએ હાજરી આપી હતી. આ સંપુટ ચારેય સંપ્રદાયના આગેવાનોએ સમારંભ વખતે પૂ. ગુરુદેવને અર્પણ કર્યો હતો. ચિત્રસંપુટને રથમાં મૂકી, મોટરમાં મૂકી કચ્છ, રાજસ્થાનમાં વરઘોડા નીકળ્યા હતા. મદ્રાસ, જયપુર વગેરે સ્થળે જંગી સમર્પણ સમારંભો યોજાયા હતા. ચિત્રસંપુટ પાછળ પ્રજા ઘેલી બની ગઈ હતી. પૂજ્યશ્રીની આ કાર્યમાં કામે લાગેલી પ્રતિભા અને પુરુષાર્થની ભારોભાર પ્રશંસા થઈ હતી.

**આચાર્યશ્રીની મહાન કૃતિનો વિશ્વને મહાન લાભ** : તાજેતરમાં સુરત

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

ખાતે ખુલ્લી મુકાયેલી શ્રી મહાવીર હૉસ્પિટલના વિશાળ હૉલમાં પૂ. મુનિશ્રી યશોવિજયજી મહારાજની પ્રેરણાથી તૈયાર કરાયેલાં ભગવાન મહાવીરનાં જીવન-કવન અંગેનાં ભીંતચિત્રો હૉસ્પિટલના ઉદ્‌ઘાટન પ્રસંગે વડાપ્રધાન શ્રી મોરારજી દેસાઈએ ખૂબ જ એકાગ્ર ચિત્તે નિહાળ્યાં હતાં. મનને મુગ્ધ કરનારાં સુંદર ભાવવાહી ચિત્રો અને તેની ત્રણ ભાષામાં અપાયેલ ચિત્રો વિશેની સમજૂતી પાછળ રહેલી પૂજ્યશ્રીની આગવી દૃષ્ટિની શ્રી દેસાઈએ ભારોભાર પ્રશંસા કરી હતી. આ ચિત્રસંપુટનાં જ ચિત્રો ઉપરથી મુંબઈ-ઘાટકોપર-સર્વોદય હૉસ્પિટલ, જયપુર વગેરે અનેક સ્થળોએ આરસનાં ચિત્રો બન્યાં છે. ઉપરાંત, કાપડ ઉપર, હાથીદાંતમાં એમ વિવિધ માધ્યમ ઉપર આ ચિત્રો બન્યાં છે. કેટલેક સ્થળે ગૅલેરીઓ પણ તૈયાર થઈ રહી છે. ચિત્રસંપુટમાં આપેલાં ચિત્રો, પ્રતીકો, બૉર્ડરોનો ઉપયોગ સેંકડો લોકોએ વિવિધ રીતે કર્યો છે. આજે છપાતી ઘણી કંકોતરીઓમાં આ પુસ્તકની બૉર્ડરોનું અનુકરણ થાય છે તેની નોંધ કરીએ તો ઘણી લાંબી થાય.

**શ્રી મહાવીર ભગવાનની ઉજવણી કમિટી :** ભગવાન મહાવીરસ્વામીના ૨૫૦૦મા નિર્વાણ મહોત્સવ અંગે રાષ્ટ્રીય સમિતિમાં જૈન સમાજમાં અગ્રણીઓની સલાહ લઈને ભારત સરકારે પૂજ્યશ્રીની યોગ્યતા પિછાણીને તેમની અતિથિવિશેષ તરીકે નિમણૂક કરી હતી. સરકારે તેઓશ્રી સાથે સવિનય પત્રવ્યવહાર કર્યો હતો. અજાણતાં પણ જૈન શાસ્ત્ર કે સંસ્કૃત વિરુદ્ધ કોઈ આયોજન ન થઈ જાય તેની ભારે તકેદારી રાખી હતી. પૂજ્યશ્રીએ સરકારશ્રી પાસે અહિંસા વગેરે વિષે ઘણા કાર્યક્રમો કરાવ્યા હતા. એ વખતે દિલ્હીથી અનેક રાજદ્વારી નેતાઓ પૂજ્યશ્રીને મળવા વાલકેશ્વર-મુંબઈ આવતા હતા. જૈન આગેવાનો, વિદ્વાનો, સામાજિક કાર્યકરો પણ આવતા હતા. આ પ્રસંગે મુંબઈમાં જે ભવ્ય ઉજવણી થઈ તેમાં પૂજ્યશ્રીના ગુરુદેવોની કૃપા વડે તેઓશ્રીનો મહત્ત્વનો ફાળો હતો. આકાશવાણીનાં સાત કેન્દ્રો પરથી એક વરસ સુધી ચાલે તેટલાં સ્તવનો, ગીતા અને સંવાદોની રજૂઆતો માટેનું આયોજન પૂજ્યશ્રીએ કરી આપ્યું હતું. એક પુસ્તક થાય એટલી કામગીરી તે વખતે તેઓશ્રીએ કરી હતી. જૈનધ્વજ અને જૈનપ્રતીકનું આયોજન કરવામાં પણ પૂજ્યશ્રીએ મુખ્ય ભાગ ભજવ્યો છે.

**રાષ્ટ્રપતિ શ્રી વી. વી. ગિરિ અને પૂજ્યશ્રી :** તા. ૨૨-૭-૭૪ના રોજ પૂ. મુનિરાજ શ્રી યશોવિજયજી મહારાજના શુભ હસ્તે ભગવાન શ્રી મહાવીરની ભવ્ય મૂર્તિ અર્પણ કરવાની હોવાથી તે નિમિત્તે ભારતના રાષ્ટ્રપતિ શ્રી વી. વી. ગિરિને મુંબઈ-વાલકેશ્વર શ્રી આદિનાથ જૈન મંદિરના દર્શન કરી, ઉપાશ્રયમાં પધારતાં પૂ. ગુરુદેવોની અધ્યક્ષતામાં હાથીદાંતની ભવ્ય મૂર્તિ, એ ઐતિહાસિક સમારંભમાં ભારે જયનાદો વચ્ચે અર્પણ થઈ હતી અને વાસક્ષેપ દ્વારા તેમણે આશીર્વાદ લીધા હતા. મુનિજીના વ્યક્તિત્વથી તેઓ ખૂબ જ પ્રભાવિત થયા હતા. આ સમારંભમાં એસ. બી. ચૌહાણ અને શહેરની પ્રથમ પંક્તિની વ્યક્તિઓ ઉપસ્થિત હતી. બીજા દિવસે રાષ્ટ્રપતિની અધ્યક્ષતામાં, રાજભવનમાં મુંબઈના ૩૦૦ અગ્રણી, જેમાં હિન્દુ, મુસલમાન, પારસી ધર્મગુરુઓ સામેલ હતા, તે સર્વની હાજરીમાં પૂજ્યશ્રીને અભિનંદન આપવાનો તેમ જ શાલ ઓઢાડી બહુમાન કરવાનો નિર્ણય લેવાયો હતો. પણ ખૂબ જ આગ્રહભરી વિનંતિઓ કરવા છતાં તેઓશ્રીએ આ સન્માન માટે અશક્તિ દર્શાવી

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

હતી. સમગ્ર મુંબઈ શહેરને આ વાત ગમી ન હતી, છતાં પૂજ્યશ્રી પોતાના નિર્ણયમાં અડગ રહ્યા હતા.

**રાષ્ટ્રીય પદવીનો ઇન્કાર :** પ્રજાને હજી ખબર નથી કે એક નિઃસ્પૃહી મુનિએ ભારત સરકારને ૨૯મી જાન્યુઆરીએ ૧૭ લાખનું સોનું અપાવી, મંત્રમુગ્ધ કર્યા તેથી પ્રભાવિત થઈને પૂજ્યશ્રીને રાષ્ટ્રીય પદવી આપવાનો પત્ર મુંબઈ સમિતિ પર આવ્યો હતો. પૂ. મુનિજીને સર્વ આગેવાનોએ ખૂબ વિનંતી કરી. સર્વ પ્રથમવાર કેન્દ્ર સરકાર સ્વયંભૂ ઇચ્છાથી પદવી અર્પણ કરે છે ત્યારે ઇન્કાર ન કરવો જોઈએ, એવું ઘણી રીતે દબાણ થવા છતાં, પૂજ્યશ્રીએ નમ્રતાપૂર્વક અસ્વીકાર કર્યો. પૂજ્યશ્રીની સાહિત્ય અને કળાની અભૂતપૂર્વ સેવાને લક્ષમાં લઈ, તેઓશ્રીની ઇચ્છા ન હોવા છતાં, વિશાળ જનસમૂહ વચ્ચે, 'સાહિત્યકલારત્ન'ની પદવી આપવામાં આવી. મુનિજીને કળાઓનું અદ્ભુત જ્ઞાન હોવા છતાં નિઃસ્પૃહી અને નિરહંકારી વ્યક્તિત્વ એ જ એમના જીવનની મહાન સિદ્ધિ ગણી શકાય. તદુપરાંત, મુંબઈ અથવા પાલીતાણામાં જંગી મ્યુઝિયમ ઊભું કરવા માટે પૂજ્યશ્રીએ પ્રયત્નો શરૂ કરેલા, પણ આ કાર્ય અધવચ્ચે સ્થગિત થઈ ગયું. સર્વ કાર્યો સફળતાપૂર્વક પાર પાડવામાં પૂજ્યશ્રીનું આત્મબળ, બુદ્ધિબળ, નિર્ણયાત્મક શક્તિ, સહિષ્ણુતા, સમતા, વિરોધીઓનો પણ આદર કરવાની ઉદારતા, સમય-સંજોગો પ્રમાણે કાર્ય કરવાની કુશળતા આદિ ગુણલક્ષણો ભાગ ભજવતાં. પરિણામે ચારેય ફિરકાઓને મનમેળ સધાવી કાર્ય કરી શકે છે. કહે છે કે મુનિશ્રી વરસોથી એકધારા મુંબઈ છવાઈ ગયા. જાહેર જનતાને મુનિશ્રી પ્રત્યે ભારે આદર હતો. એક જંગી સભામાં, ૩૦ હજારની માનવમેદની વચ્ચે મુંબઈના ગવર્નર અને શ્રી એસ. બી. ચાવણને ૧૫ ઈંચની આરસની કલાત્મક મૂર્તિઓ ભેટ આપી ત્યારે જયનાદોથી ગગન છવાઈ ગયું હતું. ભગવાન શ્રી મહાવીરસ્વામીની ૨૫૦૦મી પુણ્યતિથિ નિમિત્તે ૨૫ લાખના ખર્ચે ૩૨ ફૂટ ઊંચો એક કીર્તિસ્તંભ ઊભો કરવાનું નક્કી થયું હતું. તેના ખાતમુહૂર્ત પ્રસંગે મુંબઈ મહાનગરપાલિકાના કોંગ્રેસ, સામ્યવાદી, સમાજવાદી, શિવસેના અને અન્ય પક્ષોના સર્વ સભ્યો હાજર રહ્યા હતા તે પૂજ્યશ્રી પ્રત્યેનું શહેરીજનોનું માન સૂચવે છે. આ કીર્તિસ્થંભ અંદર અને બહારથી કંઈ ન હોય એ જાતનો થવાનો હતો. આ કીર્તિસ્તંભ હેંગિંગ ગાર્ડન પર ઊભો કરવાની ઇચ્છા હતી; પણ કેટલીક મર્યાદાઓ આવી પડવાથી અને ત્યાં વિહાર કરવો પડ્યો તેનાથી કામ આગળ વધી શક્યું નહીં. પૂજ્યશ્રીની ઇચ્છા હજુ પણ મુંબઈ જવાય અને કામ આગળ ચાલે તે જોવાની છે.

**છ'રી પાલિત સંઘના સર્વોપરી માર્ગદર્શક :** વિ. સં. ૨૦૩૩ના મહા સુદ ૩ને દિવસે પૂ. ગુરુદેવો, સાધુઓ, સાધ્વીજીઓ તથા ૭૦૦ યાત્રિકો સાથેનો મુંબઈથી પાલીતાણાનો ૭૩ દિવસનો છ'રી પાળતો જે યાત્રાસંઘ નીકળ્યો તેમાં તથા વિ. સં. ૨૦૩૪માં પાલીતાણાથી ગિરનારનો પૂ. ગુરુદેવો સાથેનો ૧૦૦૦ યાત્રિકોનો ૨૪ દિવસનો છ'રી પાળતો જે યાત્રાસંઘ નીકળ્યો તેમાં અદ્ભુત સફળતા મળી હતી. કાર્યકર્તાઓએ અને પૂ. ગુરુદેવોએ સુંદર આયોજન કર્યું હતું. આ બંને સંઘ પર સર્વોપરી દેખરેખ અને સુવ્યવસ્થા—સુરક્ષાની જવાબદારી પૂજ્યશ્રી પર હતી. તેઓશ્રીની આત્મશક્તિ અને કુદરતી સૂઝ અનોખી હતી.

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

**વિશ્વની અસ્મિતા સમારોહ :** વિ. સં. ૨૦૩૩માં પાલીતાણામાં નંદલાલ દેવલુક સંપાદિત અનેકવિધ સામગ્રીથી શોભતો 'વિશ્વની અસ્મિતા' ગ્રંથનો પ્રકાશન સમારોહ પૂજ્યશ્રીની નિશ્રામાં યોજાયો હતો અને ગુજરાતના મુખ્યમંત્રી શ્રી બાબુભાઈ જશભાઈ પટેલના વરદ હસ્તે ઉદ્‌ઘાટન થયું હતું. પાલીતાણામાં આણંદજી કલ્યાણજીની પેઢીના વંડામાં ઊજવાયેલો આ ભવ્ય સમારોહ પૂજ્યશ્રીની સાહિત્યપ્રીતિનો પરિચાયક બની રહ્યો.

**શત્રુંજય હોસ્પિટલ અને અન્ય કાર્યો :** યુગદિવાકર પૂ. આ. શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજના ઉપદેશથી અને મુનિશ્રીની પ્રેરણાથી પાલીતાણામાં શત્રુંજય હોસ્પિટલ અને સાધ્વીજીઓ માટે શ્રમણીવિહાર તેમ જ જૈનસાહિત્યના જ્ઞાનભંડાર માટે ધર્મવિહાર – આ ત્રણે સ્મારકો ઊભાં થયાં. તેના આયોજન પાછળ પૂજ્યશ્રીની કાર્યકુશળતાનો મોટો ફાળો હતો. ઉપરાંત, પૂજ્યશ્રીએ નવકારમંત્રની તથા પૂર્વાચાર્યોનાં ચૌદ ગીતોની રેકર્ડ ઉતરાવી. પૂજ્યશ્રીના આ સાહસને ચારે બાજુથી અભિનંદનો મળ્યાં હતાં. તેમનું નાની ઉંમરનું એક ગીત મહાતપસ્વી પૂ. આ. શ્રી વિજયભુવનભાનુસૂરિજી મહારાજ હસ્તક ચાલતી શિબિરમાં વિદ્યાર્થીઓ દ્વારા પૂજ્યશ્રીની હાજરીમાં ભાવપૂર્વક ગવાતું હતું, જેની જાણ મુનિશ્રીને પોતાને પણ ન હતી. શિબિરના વિદ્યાર્થીના હાથમાં ચોપડી જોવા મળતાં ઘટસ્ફોટ થયો. શિબિરના વિદ્યાર્થીઓએ કહ્યું કે, ગીતોની રેકર્ડ ઉતરાવો. એટલે 'મારી નાવલડી મજધાર, તારો મને એક છે આધાર.' એ ગીતની પણ રેકર્ડ ઉતરાવી છે. આ ગીતો પ્રથમ કક્ષાના સંગીતકારો પાસે રેકર્ડ કરાવ્યાં છે.

અમેરિકાના પ્રમુખ જી. બી. કાર્ટરનો ભારત આવવાનો કાર્યક્રમ જાહેર થયો, ત્યારે પૂજ્યશ્રીને વિચાર આવ્યો કે વીતરાગ તીર્થંકરની નાની પ્રતિમાઓની ભેટ આપવામાં આવે તો તે પ્રમુખ, અમેરિકા અને જૈનધર્મ માટે ગૌરવની ઘટના બની રહે. શ્રી મોરારજી દેસાઈ ત્યારે વડાપ્રધાન હતા. પૂજ્યશ્રીના તેમની સાથેના નિકટના આત્મીય સંબંધો હોવાના કારણે આ ઐતિહાસિક કાર્યક્રમ ગોઠવવામાં આવ્યો હતો. આ માટે પૂજ્યશ્રીએ અગાઉથી જયપુરમાં ખાસ આદેશ આપીને ભાવવાહી મૂર્તિઓ બને તે માટે અગ્રણી કલાકારને કામ સોંપ્યું. એ સુંદર મૂર્તિઓ જયપુરથી પાલીતાણા આવી. એક મૂર્તિ પર પ્રમુખ કાર્ટરનું નામ અને બીજી મૂર્તિ પર શ્રીમતી કાર્ટરનું નામ લખાવવામાં આવ્યું. મૂર્તિઓ પાલીતાણાથી મુંબઈ અને મુંબઈથી દિલ્હી લઈ જવામાં આવી. એક જ દિવસનો ઝડપી કાર્યક્રમ હતો, પણ મૂર્તિઓ દિલ્હી મોડી પહોંચી અને કાર્યક્રમ થઈ ન શક્યો. મિ. કાર્ટરના સેક્રેટરીએ આશ્વાસન આપ્યું કે મૂર્તિઓ કોઈની સાથે અમેરિકા મોકલો. ત્યાં અર્પણવિધિ કરાશે. પણ પૂજ્યશ્રીને આ કાર્યક્રમ અહીં નહીં થવાથી ઘણો ખેદ થયો.

મુંબઈમાં સંસ્કૃત–પ્રાકૃત ભણતા ઘણા વિદ્યાર્થીઓ પૂજ્યશ્રી પાસે કેટલાક શબ્દાર્થો પૂછવા આવતા હતા. આ વિદ્યાર્થીઓ માટે પૂછવાનું કોઈ કાયમી જાહેર સ્થાન ન હતું. આ બધી પરિસ્થિતિ જોઈને પૂજ્યશ્રીને થયું કે મુંબઈ જેવા મોટા શહેરમાં સંસ્કૃત–પ્રાકૃત ભાષા શિખવાડતી એક પાઠશાળા સ્થાપવી જોઈએ. એક દિવસ ગુરુદેવ સાથે પરામર્શ કર્યો અને નિર્ણય લેવાયો; જેને લીધે 'જગદ્‌ગુરુ શ્રી હીરસૂરિજી જૈન પાઠશાળા'ની સ્થાપના કરવામાં આવી.

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

આજે આ પાઠશાળા કુશળ શિક્ષકોને લીધે કામધેનુ રૂપ બની છે. મુંબઈ–વાલકેશ્વરમાં પૂજ્ય ગુરુદેવશ્રીના વર્ષીતપ નિમિત્તે તેઓશ્રીના અધ્યક્ષપણા નીચે ઉજમણાનું ભવ્ય આયોજન થયું હતું. આ ઉજમણામાં અવનવી ડિઝાઈનો ભરાવવામાં આવી હતી. ચીલાચાલુ રીતે નહીં, પણ વિશિષ્ટ પ્રકારે ગોઠવણી કરવામાં આવી હતી. આ ઉજમણાનાં દર્શન માટે, પૂજ્યશ્રીના નિમંત્રણથી, મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન શ્રી વાય. બી. ચવાણ ખાસ આવ્યા હતા અને દરેક વસ્તુ જોવામાં ખૂબ રસ લીધો હતો. એવું જ બીજું જંગી ઉજમણું પૂજ્યશ્રીની સંપૂર્ણ દેખરેખ નીચે, આકર્ષક પદ્ધતિએ મુંબઈ–ગોડીજી જૈન ઉપાશ્રયમાં ગોઠવવામાં આવ્યું હતું. તેમાં દોઢ લાખ રૂપિયાની કિંમતનો, ૯૦ વર્ષ જૂનો, ગોડીજીના સંગ્રહનો એક સુંદર ચંદરવો રજૂ કરવામાં આવ્યો હતો. લાખો માણસોએ આ ઉજમણાનાં દર્શન કરીને આનંદ અનુભવ્યો હતો. ભગવાન મહાવીરના ૨૫૦૦મા નિર્વાણ મહોત્સવ વખતે મુંબઈ–વાલકેશ્વરમાં મંદિરના ચોકમાં પ્લાસ્ટર ઑફ પેરિસથી આબેહૂબ પાવાપુરીની રચના પૂ. ગુરુદેવ શ્રી વિજયધર્મસૂરિજી મહારાજ અને પૂજ્યશ્રીની ભાવના મુજબ કરવામાં આવી હતી. તેનું ઉદ્‌ઘાટન મહારાષ્ટ્રના મુખ્યમંત્રી શ્રી એસ. બી. ચવાણના શુભ હસ્તે કરવામાં આવ્યું હતું. સૌ કોઈ આ રચનાથી અત્યંત પ્રભાવિત થયા હતા. આ રીતે, વર્ષોથી ચાલી આવતી જૈન મૂર્તિકળામાં મુનિશ્રીએ ઘણા સુધારાઓ સૂચવીને, રાજસ્થાન-જયપુરથી અનેક કારીગરોને બોલાવીને કલાકો સુધી એની ખૂબીઓ-ખાસિયતો સમજાવીને, મૂર્તિઓ વધુ સુંદર, કલાત્મક અને આકર્ષક કેમ લાગે તે સમજાવીને, તેઓને તૈયાર કર્યા. અને પરંપરાગત મૂર્તિવિધાનમાં ઘણા ફેરફારો કરાવ્યા. પૂજ્યશ્રીએ પોતાની માન્યતા મુજબનો શ્રી સિદ્ધચક્ર યંત્ર, બૃહદ્ પૂજન યંત્રનો ખૂબ આકર્ષક સુંદર પટ કરાવ્યો છે. બીજાં પણ અનેક શિલ્પો તેઓશ્રી હસ્તક તૈયાર થયાં છે. સોમપુરા શિલ્પીઓને પણ ઘણું માર્ગદર્શન આપ્યું છે. મૂર્તિવિધાનવિદ્યામાં પૂજ્યશ્રી પ્રમાણરૂપ મનાય છે. હાલ શ્રી સિદ્ધચક્ર અને શ્રી પદ્માવતી પૂજનવિધિ લખવાનું મંગલાચરણ થઈ ચૂક્યું છે. આધુનિક છાપકામથી પાંચ રંગોમાં વિદેશી કાગળ પર શ્રી અર્હત્ મહાપૂજનવિધિ શ્રેષ્ઠ લહિયા પાસે લખાવરાવી છે. આવા નમૂના બીજે જોવા મળતા નથી. તમામ પૂજનવિધિઓની પણ હસ્તલિખિત પ્રતો તૈયાર કરાવરાવી છે તથા સોનેરી-રૂપેરી શાહીમાં અનેક પ્રતિઓ લખાવરાવી છે. તાજેતરમાં ઉત્તર ભારતમાં કરોડોના ખર્ચે થનારા જૈન દેરાસરનો નકશો તેઓશ્રીએ તપાસ્યો છે. આવી તો, નાનીમોટી અગણિત ઘટનાઓ પૂજ્યશ્રીના દૈનંદિન જીવનક્રમમાં ઘટતી રહે છે!

**સરકારે કરેલું અભૂતપૂર્વ સન્માન :** વિ. સં. ૨૦૩૫માં પાલીતાણામાં માગશર સુદ પાંચમને દિવસે, મુંબઈ તેમ જ અનેક સંઘોની ભાવભરી વિનંતિથી, લાખો જૈનો જેમની પદવી માટે વરસોથી ઝંખના કરી રહ્યા હતા, અને પદવી જલદી સ્વીકારે એવી પ્રાર્થના કરી રહ્યા હતા તે પ્રસંગ, પૂ. યુગદિવાકરશ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં ઊજવવાનો નિર્ણય થયો. આ નિર્ણયની ખબર અખબારો દ્વારા તે સમયના વડા પ્રધાન શ્રી મોરારજી દેસાઈને દિલ્હીમાં પડી. એટલે વડા પ્રધાનશ્રીએ સ્વયંભૂ ઇચ્છાથી, પૂજ્યશ્રી પ્રત્યેના આદરભાવને લીધે, ધર્મભાવનાને કારણે, સરકાર તરફથી જાહેર સત્કાર સમારંભ યોજવાનું નક્કી થયું.

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

માગશર સુદ ચોથને દિવસે ૫૦ હજાર ભાવિકોની મેદની વચ્ચે, ૧૦૦ સાધુઓ તથા ૪૦૦ સાધ્વીજીઓ વચ્ચે પૂ. યુગદિવાકરશ્રીની અધ્યક્ષતામાં વડાપ્રધાનશ્રી મોરારજીભાઈએ પ્રથમ જાતે કાંતેલી ખાદીનો કપડો ઓઢાડીને, પછી શાલ ઓઢાડીને જાહેર સન્માન કર્યું. દબદબાભર્યા આ અવસરનું લોકોએ ગગનભેદી જયનાદોથી સ્વાગત કર્યું. આવો પ્રસંગ ઇતિહાસમાં પહેલીવાર ઊજવાયો. –કેમ કે રાષ્ટ્ર પહેલી જ વાર એક સંતનું બહુમાન કરી રહ્યું હતું. આ પ્રસંગે શતાવધાની મુનિશ્રીજયાનંદવિજયજી મહારાજનું પણ શાલ ઓઢાડીને બહુમાન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગુજરાતના મુખ્યમંત્રી શ્રી બાબુભાઈ જશભાઈ પટેલ આદિ અગ્રગણ્ય નેતાઓ પણ ઉપસ્થિત હતા. ભારત સરકારના આદેશથી ઉજવણીમાં ૧૩ લાખનો ખર્ચ થયો તે ગુજરાત સરકારે ભોગવ્યો હતો. તે પછી બીજા દિવસે જૈનવિધિ પ્રમાણે વીસ હજાર માનવોની જંગી હાજરી વચ્ચે પૂજ્યશ્રીને આચાર્યપદે આરૂઢ કરવાનો ભવ્ય પ્રસંગ ઊજવાયો હતો.

**ગુજરાતના રાજ્યપાલે કરેલું બહુમાન :** પૂ. આચાર્યશ્રીના ૭૫ વર્ષની ઉજવણી પ્રસંગે પાલીતાણા જૈન સાહિત્ય મંદિરમાં અનેરા ઉત્સવનું આયોજન થયું. તે પ્રસંગે ગુજરાતના રાજ્યપાલશ્રી ખાસ પાલીતાણા પધાર્યા હતા, અને પૂજ્યશ્રીનું શાલ ઓઢાડીને બહુમાન કર્યું હતું. બીજે દિવસે પાલીતાણાના નાગરિકો તરફથી, પાલીતાણામાં કરેલાં ધાર્મિક, સામાજિક કાર્યોથી પ્રભાવિત થઈ સુંદર માનપત્ર અર્પણ કરવામાં આવ્યું હતું. બંને દિવસોમાં મહામહોત્સવપૂર્વક ઊજવાયેલા આ પ્રસંગો જૈન ઇતિહાસમાં અભૂતપૂર્વ કહી શકાય તેવા છે. વળી, તા. ૨૦–૨–૯૦ને દિવસે ભારતના વડા પ્રધાન શ્રી વી. પી. સિંગે પાલીતાણા જૈન સાહિત્ય મંદિરમાં પધારી, વાસક્ષેપ નંખાવી આશીર્વાદ લીધા હતા. આ પ્રસંગે ધારાસભ્ય શ્રી પ્રવીણસિંહ જાડેજા પણ ઉપસ્થિત હતા. પૂજ્યશ્રીએ વડાપ્રધાનને સુંદર ધાર્મિક ચીજો ભેટ આપી હતી.

પૂજ્યશ્રીના વ્યક્તિત્વ વિષે, તેમની પ્રવૃત્તિ અને કાર્યો વિશે, તેમના સાહિત્યસર્જન વિષે, અનેકાનેક વિષે ઘણું ઘણું વિસ્તારથી લખી શકાય એટલી વિપુલ સામગ્રી છે. પરંતુ નાના લેખોમાં તો ગાગરમાં સાગર ભરવાની વાત છે. પૂજ્યશ્રી કવિ, લેખક, મધુર વક્તા, અવધાનકાર, મંત્રમુગ્ધ કરે એવા અજોડ મૂર્તિવિધાનના જ્ઞાતા છે. મંત્ર આદિ જુદી જુદી વિદ્યાઓના અભ્યાસી છે. બાહ્ય તેજથી પ્રકાશિત તેજસ્વી વદન, જ્ઞાન અને કળાથી અંકિત સૌમ્ય દૃષ્ટિ, ગંભીર અને મધુર વાણી, વિનયયુક્ત વ્યવહાર, સંયમસૌરભથી મહેકતું જીવન એ સર્વ તેઓશ્રીના વ્યક્તિત્વને અજવાળતાં ઉજ્જ્વળ પાસાં છે. પૂજ્યશ્રીના આ બહુમુખી ભવ્ય વ્યક્તિત્વને ધ્યાનમાં લેતાં એક કલ્પના કરવી વધુ પડતી નથી કે માત્ર ભારતવર્ષના જ નહિ, પણ વિશ્વના એક આદર્શ સાહિત્યકલાપ્રેમી સાધુ તરીકે તેઓશ્રીને ઇતિહાસ સુવર્ણાક્ષરે અંકિત કરશે. અંતમાં, પૂજ્યશ્રીની શાસનસેવા ઉત્તરોત્તર વધુ ને વધુ પ્રભાવશાળી બને, તેઓશ્રી સાહિત્ય અને કળાના ક્ષેત્રે અવનવાં સર્જનો કરતા રહે, તે માટે શાસનદેવ પૂજ્યશ્રીને નિરામય દીર્ઘાયુ બક્ષે એ જ અભ્યર્થના અને પૂજ્યશ્રીનાં ચરણોમાં કોટિ કોટિ વંદના !

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

**૫૯ વર્ષથી પૂજ્યશ્રીના ચાલી રહેલા સાહિત્ય અને કલાના યાદગાર મહાયજ્ઞનો અતિ ટૂંકો પરિચય :** પોતાના પૂજ્યપાદ બંને દાદાગુરુદેવોની નિશ્રામાં, પોતાના ગુરુવર્ય પૂ. યુગદિવાકર આચાર્યશ્રી વિજયધર્મસૂરિજી મહારાજ પાસે જ્યારે મુનિશ્રી યશોવિજયજી અભ્યાસ કરતા હતા, ત્યારે ગત જન્મના કોઈ સંસ્કારને લીધે ભણવાની સાથે કંઈક લખવાની પણ ભાવના રાખતા હતા. બે વર્ષ બાદ, એટલે કે દીક્ષાના ત્રીજા વર્ષે, ૧૯ વર્ષની ઉંમરે, મુનિશ્રીએ સાહિત્યક્ષેત્રે લેખનની અલ્પ શરૂઆત કરી. પ્રથમ 'બૃહત્સંગ્રહણી' જેવા મહાન ગ્રંથના ભાષાંતર દ્વારા મંગલાચરણ થયું. ભવિષ્યમાં થનારી સમૃદ્ધ જ્ઞાનયાત્રાનો આ રીતે શુભારંભ થયો. એ યાત્રા જ્ઞાનસંપાદનના ક્ષેત્રમાં ધીમે ધીમે વિસ્તરતી ગઈ. અને પૂજ્યશ્રી લેખક સાથે સંશોધક અને સંપાદક પણ બન્યા. શ્રુત, સાહિત્ય, લેખન, સંપાદન, સંશોધન અને સાથે સાથે કળાવિધાન વગેરે ક્ષેત્રે શરૂ થયેલી જ્ઞાનયાત્રા ઉત્તરોત્તર વૃદ્ધિ પામીને સમૃદ્ધ બનતી ગઈ. પરિણામે, તેઓશ્રીના હસ્તે બંને ક્ષેત્રોમાં અજોડ અને અદ્ભુત કહી શકાય તેવું યોગદાન થવા પામ્યું. આથી જૈનસંઘને બીજા લાભો પણ પ્રાપ્ત થયા. આ બધાનો વાચકોને પૂરતો ખ્યાલ મળે, અનુમોદનાના ભાગીદાર બને, તેવા શુભાશયથી અહીં રચનાસાલ સાથે વિસ્તૃત નોંધ રજૂ કરી છે : આ યાદીનું પ્રકાશન કરતાં હું મહદ્ આનંદ અને ગૌરવ અનુભવું છું. એક સાધુ જેવી વ્યક્તિએ, અને તે પણ નાજુક અને નબળી શારીરિક સ્થિતિમાં, જાહેરજીવનમાં વ્યસ્ત અનેક શાસનકાર્યોનાં રોકાણો વચ્ચે, આશ્ચર્યચકિત કરી દે તેવું સાહિત્યસર્જન કર્યું, તે જોતાં જ શિર ઝૂકી પડે !

બાવીસ વર્ષની ઉંમરે ગુજરાતી ભાષામાં ૬૦થી વધુ ચિત્રો સાથે જૈનસંઘપ્રસિદ્ધ પાઠ્યગ્રંથ મોટી સંગ્રહણીનું ભાષાંતર કર્યું. અને ૨૩ વર્ષની ઉંમરે ઊણાદિ વ્યુત્પત્તિ નામના વ્યાકરણ વિષયક બહુમૂલ્ય ગ્રંથનું સર્જન કર્યું. આરંભમાં જ ગુજરાતી અને સંસ્કૃત બંને ભાષામાં કાર્ય કરવાનો યોગ બન્યો તે નોંધપાત્ર ઘટના છે. ખરેખર, આવા સર્જકો જ દેશકાળને ખ્યાલમાં રાખીને નવી દિશા અને નવી દૃષ્ટિનું દર્શન કરાવતા હોય છે. નાની ઉંમરમાં પ્રગટેલી તેઓશ્રીની જ્ઞાનોપાસનાને, તેઓશ્રીના સતત પુરુષાર્થને, તેઓશ્રીની મર્મજ્ઞ શક્તિમત્તાને, વિશિષ્ટ પ્રકારની સર્જનાત્મકતાને, ઊંડી સૂઝબૂઝને અંતઃકરણપૂર્વક નમન કરવાં જ રહ્યાં !

**સ્વરચિત અને સંપાદિત કૃતિઓ :** ૧. સુયશ જિન સ્તવનાવલી (સં. ૧૯૯૧). ૨. ચંદ્ર-સૂર્યમંડળ કણિકા (સં. ૧૯૯૨). ૩. બૃહદ્ સંગ્રહણી ચિત્રાવલી : ૬૫ ચિત્રો સાથે (સં. ૧૯૯૮). ૪. પાંચ પરિશિષ્ટો–બૃહદ્ સંગ્રહણી ગ્રંથના ભાષાન્તરના અનુસંધાનમાં ભૂગોળ-ખગોળને લગતા વિષયો છે. બીજી આવૃત્તિ સં. ૨૦૪૭. ૫. નવ્વાણુયાત્રાની વિધિ (સં. ૨૦૦૦). ૬. ગોકુલદાસ કાપડિયાનાં શરૂઆતનાં ૧૫ ચિત્રોનો સુંદર પરિચય (સં. ૨૦૧૫). ૭. મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજ દ્વારા હસ્તલિખિત પ્રતિઓના આદિ અને અંત ભાગની ૫૦ કૃતિઓનું ઉપાધ્યાયજીના હસ્તાક્ષરોનું આલ્બમ. (સં. ૨૦૧૭). ૮. આગમરત્ન પિસ્તાલિશી : ગુજરાતી પદ્યમાં ૪૫ આગમોનો પરિચય આપતી સુંદર રચના (સં. ૨૦૨૩). ૯. સિદ્ધચક્ર બૃહદ્ યન્ત્રપૂજન : એક સર્વેક્ષણ અને સમીક્ષા (સં. ૨૦૩૪). ૧૦. પ્રતાકારે

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

છપાયેલ પહેલા ગણધરવાદાદિનું ગુજરાતીમાં વિવેચન ( સં. ૨૦૩૯ ). ૧૧. જલદી માની ન શકાય તેવી ( સ્વ. પૂ. પ્રતાપસૂરિજી મહારાજની ) અનોખી ચમત્કારિક ઘટના ( ચાર આવૃત્તિ થઈ ) ( સં. ૨૦૩૮ ). ૧૨. મંગલ ચિત્રસંગ્રહ શ્રેણીનો સંક્ષિપ્ત પરિચય આપતી પુસ્તિકા ( સં. ૨૦૪૨ ). ૧૩. મંગલ ચિત્રસંગ્રહ શ્રેણીનો વિસ્તૃત પરિચય આપતી પુસ્તિકા ( સં. ૨૦૪૩ ). ૧૪. વ્યાખ્યાન ઉપયોગી ૧૦ પુસ્તિકાઓ પ્રગટ કરવાની યોજનામાં હાલ ૩ પુસ્તિકાઓ પ્રગટ થઈ છે; તેમાં પહેલી : પ્રેરણા અને પ્રકાશ આપતું એક પ્રવચન ( ત્રણ આવૃત્તિઓ થઈ ). ૧૫. બીજી : ભગવાન શ્રી મહાવીર અને ચંડકૌશિક નાગના પ્રસંગની હૃદયસ્પર્શી કથા ( સં. ૨૦૪૪–૨૦૪૬માં ત્રણ આવૃત્તિ ). ૧૬. ત્રીજી : માનવ બનવું છે ખરું ? વગેરે છ ઉદ્બોધનો. ( બે આવૃત્તિઓ થઈ ). ( સં. ૨૦૪૪ ). ૧૭. ઋષિમંડલસ્તોત્ર : એક અધ્યયન ( સ્તોત્રપાઠ, મૂળમંત્ર અંગે ગંભીર ચિંતનાત્મક વિચારણા ) ( સં. ૨૦૪૬ ). ૧૮. ઊણાદિપ્રયોગ યશસ્વિની મંજૂષા : સંસ્કૃત ભાષાની ભારતમાં પહેલી જ વાર ૧૮૦૦ શબ્દોની વ્યુત્પત્તિ પ્રકાશિત કરતી કૃતિ ( સં. ૨૦૪૬ ). ૧૯. **एकदम मानी न जा सके ऐसी आश्चर्यजनक घटना** ( સં. ૨૦૪૬ ). ૨૦. ત્રણ છત્રોનો સાચો ક્રમ–તીર્થંકરોને દીક્ષા પછી વાળ હોય છે ખરા ? આસોપાલવ અને અશોક એક છે કે ભિન્ન ? તેનાં અનેક ઉપયોગી ચિત્રો સાથેની મહત્ત્વપૂર્ણ અને મનનીય પુસ્તિકા ( સં. ૨૦૪૭ ). તદુપરાંત, પૂજ્યશ્રી દૈનિક, સાપ્તાહિક અને માસિકોમાં જુદા જુદા વિષયો પર લેખો લખતા રહ્યા છે, તેમાં મુંબઈથી પ્રગટ થતા ‘ જૈનયુગ ’ નામના માસિકમાં ચિત્ર–શિલ્પ આદિ વિશે માહિતી આપતા લેખો વિદ્વાનોમાં આદરપાત્ર બન્યા છે.

**ભાષાંતર કરેલી કૃતિઓ :** ૧. બૃહદ્ સંગ્રહણી સૂત્રનું ગુજરાતી ભાષાંતર* : ૮૦૦ પાનાં : સ્વયં બનાવેલાં ૬૫ થી વધુ ચિત્રો સાથે. ( લેખન સં. ૧૯૮૯–૯૦ : પ્રકાશન સં. ૧૯૯૫ ). ૨. બૃહદ્ સંગ્રહણી : મૂલ ગાથા માત્ર : તેના ગાથાર્થ સાથેની નાનકડી કૃતિ ( સં. ૧૯૯૫ ). ૩. સુજસવેલી ભાસ, મહત્ત્વપૂર્ણ ટિપ્પણીઓ સાથે ભાષાન્તર ( સં. ૨૦૦૯ ). ૪. બૃહદ્ સંગ્રહણી સૂત્રનું ગુજરાતી ભાષાન્તર : સુધારાવધારા સાથે બીજી આવૃત્તિ : પૃ. ૮૦૦ ( ભૂગોળ–ખગોળને લગતાં ૧ થી ૪ રંગનાં ૭૫ ચિત્રો ) : મનનીય પ્રસ્તાવના અને તે ઉપરાંત પહેલી વાર વિજ્ઞાનવિષયક ૫૬ પાનાંની વાંચવા–સમજવાલાયક લેખમાળા. ( સં. ૨૦૪૭ ). ५. **बृहत् संग्रहणी–हिन्दी अनुवाद** : १ से ४ कलर के ७५ चित्र : ७०० पन्नोंका महाग्रंथ (सं. २०४७)

**સંશોધિત–સંપાદિત રચનાઓ :** ૧. આત્મકલ્યાણમાળા–સ્તવન, સજ્ઝાય વગેરેનો અતિસુંદર સંગ્રહ ( સં. ૨૦૦૭ ) ( ત્રણ આવૃત્તિ ). ૨. સજ્ઝાયો તથા ઢાળિયાં ( કલ્યાણમાળાનાં ). ( સં. ૨૦૦૭ ) ૩. પૌષધવિધિ ( આવૃત્તિ ચાર ) ( સં. ૨૦૦૮ ) ૪. જિનેન્દ્રસ્તવનાદિ મોહન માળા ( આવૃત્તિ ચોથી ) ( સં. ૨૦૦૯ ). ૫. ‘ કલ્પસૂત્ર સુબોધિકા ’ ટીકા સહિત : અનેક

---

* અતિ આશ્ચર્યની વાત એ છે કે ૮૦૦ પાનાં જેટલા દળદાર ગ્રંથનું ભાષાન્તર અને ચિત્રો બનાવવાનું કામ પૂજ્યશ્રીએ ૧૮ વર્ષની નાની વયે કર્યું હતું !



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

વિશેષતાઓ સાથે અતિ ઉત્તમ પ્રકારનું સંપાદન : શ્રેષ્ઠ મુદ્રણ સાથે શ્રમણસંઘની પ્રતાકારે છપાયેલી પ્રિય કૃતિ ( સં. ૨૦૧૦ ). ૬. ઋષિમંડલ સ્તોત્ર : નાનું અને મોટું : ૧૦૨ પાઠભેદો સહિત : પ્રથમ આવૃત્તિ સં. ૨૦૧૨ : છઠ્ઠી આવૃત્તિ સં. ૨૦૪૬. ૭. ભગવતીસૂત્રનાં પ્રવચનો : પ્રવચનકાર પૂ. આ. શ્રી વિજયધર્મસૂરિજી મહારાજ ( ચોથી આવૃત્તિ ). ( સં. ૨૦૧૨ ). ૮. યશોવિજયસ્મૃતિગ્રંથ : અત્યંત મહત્ત્વના લેખોથી સમૃદ્ધ સચિત્ર દળદાર ગ્રંથ : મહોપાધ્યાયજીની જીવન–કવન–કથા ( સં. ૨૦૧૩ ). ૯. ભગવાન શ્રી મહાવીરના ૧ થી ૨૬ પૂર્વભવ અને ૨૭મા ભવનો માત્ર પ્રારંભ; લે. પૂ. આ. શ્રી વિજયધર્મસૂરિજી મહારાજ : વાંચવાલાયક મનનીય કૃતિ ( ચોથી આવૃત્તિ ) ( સં. ૨૦૨૪ ). ૧૦. શ્રાવક અને શ્રાવિકાનાં પ્રતિક્રમણો : લે. હીરાલાલ ર. કાપડિયા ( સં. ૨૦૩૭ ). ૧૧. ऋषिमंडल स्तोत्र ( हिन्दी ) विविध परिचय के साथ ( सं. २०४२ ) १२. भगवान श्री महावीर के १ से २६ पूर्व भव और २७ वें भव का प्रारम्भ : तीसरी आवृत्ति : ले. आचार्य श्री विजयधर्मसूरिजी महाराज ( सं २०४२–२०४७ ). ૧૩. પાંચમો કર્મગ્રંથ : ભાષાન્તર : લે. ચંદુલાલ માસ્ટર : ( આવૃત્તિ ચાર ) ( સં. ૨૦૩૮ ). ૧૪. ભક્તિગંગા નવસ્મરણાદિ સ્તોત્રસંગ્રહ ( આવૃત્તિ ચાર ) ( સં. ૨૦૪૪ ) ૧૫. પૂ. આ. શ્રી વિજયધર્મસૂરીશ્વરજી શ્રદ્ધાંજલિ વિશેષાંક ( સચિત્ર દળદાર ગ્રંથ પ્રકાશિત ).

**સચિત્ર કલાત્મક પ્રકાશનો :** ૧. યક્ષ–યક્ષિણી ચિત્રાવલી : બ્લેક એન્ડ વ્હાઈટ : પં. ભગવાનદાસ રચિત. ( સં. ૨૦૧૮ ) ૨. ભગવાન મહાવીરનાં સુપ્રસિદ્ધ ચિત્રસંપુટનાં ૨૨ ચિત્રોની તથા આબુના ઘુમ્મટો તેમ જ અન્ય વિવિધ વિષયોની પેપર કટિંગથી તૈયાર કરેલી ૫૦ ડીઝાઈનોનું આલ્બમ. ( સં. ૨૦૨૫ ) ૩. પ્રતિક્રમણ ચિત્રાવલી : માત્ર ચિત્રોની જ સ્વતંત્ર કૃતિ, તેના પરિચય સાથે ( સં. ૨૦૨૮ ) ૪. સંવચ્છરી પ્રતિક્રમણની સરળ વિધિ : ૪૦ ચિત્રો સાથે ( ગુજરાતીમાં સાત આવૃત્તિઓ, સાતમી ઓફસેટમાં સં. ૨૦૪૭માં ) ( સં. ૨૦૨૮ ). ૫. तीर्थंकर भगवान श्री महावीर के रूप : ३५ चित्रों का सम्पुट : ભગવાન મહાવીરના ચાર કલરનાં અદ્ભુત ચિત્રોનો સંગ્રહ : ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી – ત્રણેય ભાષાના પરિચય સાથેની વિશ્વવિખ્યાત કૃતિ ( જેની ૧૩ નવાં ચિત્રો સાથેની, સુધારેલી નવી ત્રીજી આવૃત્તિ થઈ છે. ) ( સં. ૨૦૩૦ ) ६. संवच्छरी प्रतिक्रमण की सरल विधि : अनेक चित्रों के साथ ( સં. ૨૦૪૭માં ત્રીજી આવૃત્તિ થઈ). (સં. ૨૦૩૩ ) ૭. ભગવાન શ્રી મહાવીર અને ગૌતમસ્વામીનું દિવાળીના દેવવંદન માટેનું, દેશ–પરદેશમાં અતિ આવકાર પામેલું, પહેલી જ વાર પ્રગટ થતું કલાત્મક શ્રેષ્ઠ ચિત્ર. ( સં. ૨૦૩૭ ) ૮. તીર્થંકર પરમાત્મા અને દેવદેવીઓનાં ચાર રંગમાં આર્ટ કાર્ડ પર જૈનસંઘ માટે કરાવેલાં અતિ ઉપયોગી, શાસ્ત્રોક્ત અને કલાત્મક બાર ચિત્રોનું સંગ્રાહ્ય પ્રકાશન ( સં. ૨૦૩૯ ) ૯. યશસ્વિની યશોજ્જ્વલ ચિત્રાવલી ( સં. ૨૦૪૩ ). ૧૦. જયપુરી આર્ટના ભગવાન મહાવીર સ્વામીના પીંપળનાં પાન તેમ જ પોસ્ટ-સ્ટેમ્પ પર બનાવેલાં ૩૨, અજોડ અને અનુપમ ચિત્રોનું, પોથી આકારનું આલ્બમ. ( સં. ૨૦૪૭ ). ૧૧. પં. ભગવાનદાસ જૈનો તરફથી દર્શન-ચોવીશીનું સંયુક્ત સંસ્થા દ્વારા થનારું પ્રકાશન. ( હવે પછી પ્રગટ થશે. )

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

## અન્ય લેખકોના ગ્રંથોનું સંશોધન-સંપાદન તથા પ્રસ્તાવના-લેખન :

**પ્રો. હીરાલાલ કાપડિયાના ગ્રંથોની પ્રસ્તાવનાઓ :** ૧. યશોદોહન-મહોપાધ્યાય શ્રી યશોવિજયજીના તમામ ગ્રંથોનો પરિચય. (સં. ૨૦૨૨). ૨. જૈન સંસ્કૃતિ સાહિત્યનો ઇતિહાસ ભાગ-૧, ૨, ૩ (સં. ૨૦૧૩, ૨૦૧૫, ૨૦૨૬). ૩. સંગીત, નૃત્ય અને નાટ્યસંબંધી જૈન ઉલ્લેખો અને ગ્રંથો (સં. ૨૦૨૯).

**પં. શ્રી ધીરજલાલ ટોકરશી શાહનાં પુસ્તકોની પ્રસ્તાવનાઓ :** ૧. 'ધર્મબોધ ગ્રંથમાલા' સંશોધન, સંપાદન (આબાલવૃદ્ધને ઉપયોગી ૨૦ પુસ્તકોની શ્રેણી) (સં. ૨૦૦૮). ૨. નવતત્ત્વદીપિકા (સં. ૨૦૨૨). ૩. નમસ્કાર મંત્રસિદ્ધિ (સં. ૨૦૨૩) ૪. ઉવસગ્ગહરં સ્તોત્ર યાને જૈન મંત્રવાદની જયગાથા (સં. ૨૦૨૫). ૫. ભક્તામર રહસ્ય (સં. ૨૦૨૭). ૬. ઋષિમંડલ આરાધના. (સં. ૨૦૨૮). ૭. સિદ્ધિદાયક સિદ્ધચક્ર (સં. ૨૦૩૩). ૮. અર્હં મંત્રોપાસના (સં. ૨૦૩૬).

**અન્ય :** ૧. ભુવનવિહાર દર્પણ (સં. ૨૦૧૭). ૨. જગદુદ્ધારક ભગવાન મહાવીર (સં. ૨૦૨૦). ૩. સમાધિમરણની ચાવી (સં. ૨૦૨૪).

ઉપરના ગ્રંથોની તેમ જ ખેમો દેદરાણી, સંગીતસુધા, જૈન તપાવલી, જૈનદર્શન સંગ્રહસ્થાન પરિચય, અમૃતધારા, અમર ઉપાધ્યાયજી, પ્રગટ્યાં પ્રેમપ્રકાશ આદિ પુસ્તકોની મહત્ત્વની મનનીય પ્રસ્તાવના પણ પૂજ્યશ્રીએ લખી છે. આમાં નમસ્કાર મંત્રસિદ્ધિ, જગદુદ્ધારક ભગવાન મહાવીર અને સમાધિ-મરણની ચાવી – આ ત્રણ પુસ્તકોની પ્રસ્તાવનાઓ મનનીય હોવાથી તેની જુદી પુસ્તિકાઓ પ્રકાશકે પ્રગટ કરીને પ્રભાવના કરેલ છે.

**અનુષ્ઠાન વિધિનો ગ્રંથ :** ઋષિમંડલ બૃહત્ પૂજનવિધિ-પ્રતાકારે બે રંગમાં, વિશિષ્ટ કોટિનું, પાને પાને બોર્ડર સાથેનું મુદ્રણ, ૬૦ ચિત્રો સાથે, ઉત્તમ કાગળો પર છપાઈ ને પ્રગટ થઈ છે. લેખક : સંપાદક : આચાર્યશ્રી યશોદેવસૂરિજી (સં. ૨૦૩૮).

પૂજ્યશ્રી દ્વારા જૈનશાસનના મહાન જ્યોતિર્ધર મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજના ૨૩ ગ્રંથોનું સંપાદન-સંશોધન-ભાષાંતર : (નોંધ સત્તરમી-અઢારમી શતાબ્દીમાં વિદ્યમાન, સેંકડો ગ્રંથોના રચયિતા, મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજના ન્યાય, તર્ક, દર્શન, અલંકાર, સચિત્ર, સમાચારી, સ્તોત્ર, કોશ આદિ વિષયોના પૂર્ણ-અપૂર્ણ એવા નાના-મોટા ૨૩ ગ્રંથોનું સંશોધન-સંપાદન-ભાષાંતર) કરી, કરાવી, પ્રસ્તાવનાઓ લખી, યશોભારતી જૈન પ્રકાશન સંસ્થા વતી પહેલી જ વાર પ્રકાશન થયું તે કૃતિઓનાં નામ :

—નીચેના ૨૬ ગ્રંથોમાંથી ૨૩ ગ્રંથો પહેલી વાર પ્રગટ થયા છે અને ૩ ગ્રંથો જે અપૂર્ણ હતા તે પૂર્ણ કરી છાપ્યા છે.

—સં. ૨૦૧૧માં શરૂ કરેલો ઉપાધ્યાયજીના ગ્રંથનો મહાયજ્ઞ વચમાં વરસો સુધી બંધ રહી, ફરી ચાલુ થયો, અને સં. ૨૦૪૦માં પૂરો થયો.

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

૧. ઐન્દ્રસ્તુતિ ( સં. ૨૦૧૮ ) ૨. યશોદોહન ( સં. ૨૦૨૨ ) ૩. વૈરાગ્યરતિ ( સં. ૨૦૨૬ ) ૪. સ્તોત્રાવલી–હિન્દી ભાષાંતરસહિત, ૧૧ સ્તોત્રો–સ્તુતિઓનો સંગ્રહ; જેમાં વિજય પ્રભસૂરિક્ષામણક પત્ર અને વિજ્ઞપ્તિકાવ્ય સામેલ છે. ( સં. ૨૦૩૧ ). ૫. વિશ્વપ્રસિદ્ધ કાવ્યપ્રકાશ સટીક : બીજા–ત્રીજા ઉલ્લાસની ટીકા–હિન્દી ભાષાંતર સાથે. ( સં. ૨૦૩૨ ) ૬. આર્ષભીયચરિત મહાકાવ્યમ્, વિજયોલ્લાસ મહાકાવ્યમ્ તથા સિદ્ધસહસ્રનામકોશ ( ત્રણેય કૃતિઓ સાથે ) ( સં. ૨૦૩૪ ) ૭. ૧૦૮ બોલસંગ્રહ ( સં. ૨૦૩૬ ) ૮. શ્રદ્ધાનજલ્પપટ્ટક ( સં. ૨૦૩૬ ) ૯. અઢાર સહસશીલાંગરથ ( ગુજરાતી ) ( સં. ૨૦૩૬ ) ૧૦. કૂપદૃષ્ટાંતવિશદીકરણ ( સં. ૨૦૩૬ ) ૧૧. કાયસ્થિતિસ્તવન ( સં. ૨૦૩૬ ). નવ્યન્યાયના માધ્યમથી લખાયેલી ઉપાધ્યાયજીની શ્રેષ્ઠ રચનાઓ : ૧૨. આત્મખ્યાતિ ( સં. ૨૦૩૭ ) ૧૩. વાદમાલા : પહેલી ( સં. ૨૦૩૭ ) ૧૪. વાદમાલા : બીજી ( સં. ૨૦૩૭ ) ૧૫. વાદમાલા : ત્રીજી ( સં. ૨૦૩૭ ) ૧૬. વાયૂષ્માદે : પ્રત્યક્ષાપ્રત્યક્ષત્વવિવાદરહસ્યમ્ ( સં. ૨૦૩૭ ) ૧૭. વિષયતાવાદ ( સં. ૨૦૩૭ ) ૧૮. ન્યાય સિદ્ધાન્તમંજરી શબ્દખંડ ટીકા ( સં. ૨૦૩૭ ) ૧૯. યતિદિનકૃત્યમ્* ( સં. ૨૦૩૭ ) ૨૦. વિચારબિન્દુ ( સં. ૨૦૩૭ ) ૨૧. તેરકાઠિયા સ્વરૂપ ( ગુજરાતી ) ( સં. ૨૦૩૭ ) ૨૨. સ્યાદ્વાદરહસ્યમ્ ( ત્રણ ટીકાઓ–વીતરાગસ્તોત્ર, અષ્ટમ પ્રકાશ ઉપરની ) ( સં. ૨૦૩૮ ) ૨૩. તિઙન્તાન્વયોક્તિ ( સં. ૨૦૩૮ ) ૨૪. પ્રમેયમાલા ( સં. ૨૦૩૮ ) ૨૫. ચક્ષુરપ્રાપ્યકારિતાવાદ ( પદ્યમય ).

૩૦ વર્ષ પહેલાં પૂજ્ય ઉપાધ્યાયજીના હસ્તલિખિત ગ્રંથો કયા કયા ભંડારમાં છે તેની યાદી તૈયાર કરવા માંડી. આઠેક ભંડારોની યાદી તૈયાર કરેલી. બાકીના થોડા ભંડારોની યાદી મેળવવી બાકી હતી. બીજાં કામો ઉપસ્થિત થતાં આ કામ ખોરંભે પડી ગયું. ઉપાધ્યાયજી અંગે જરૂરી ઘણુંખરું કામ તો થઈ ગયું છે, પણ જે કાંઈ બાકી રહ્યું તે પૂજ્યશ્રીની અવસ્થા જોતાં તે પર પૂર્ણવિરામ મૂકવું પડયું છે. હવે બાકીનાં બે કાર્યો પૂર્ણ કરવાની ભાવના છે :–

૧. ત્રણેય ભાષાના તમામ ગ્રંથોમાં આદિ ( મંગલાચરણ ભાગ ), અંતના ભાગો ( પ્રશસ્તિ, તેનાં ભાષાંતર વગેરે ) સાથે તૈયાર થયાં છે. ૧૨ વર્ષ ઉપર તેનો હિન્દી ભાષાન્તર સાથેનો ફરમો છપાયેલો પણ પડયો છે પરંતુ એક માથું અને બે હાથ, વળી અનેક કાર્યોમાં અનેક રીતે વ્યસ્ત જીવન, એ આ કામ રહી ગયું. કોઈ વિદ્વાન સાધુ સહાયક બને તો આ કામ થઈ શકે તેમ છે.

૨. પૂ. ઉપાધ્યાયજીના વિવિધ ગ્રંથોમાંથી વિશિષ્ટ હકીકતોને જણાવતી બાબતોના શ્લોકો વગેરેની નોંધો પડી છે. તેનું વ્યવસ્થિત સંકલન કરી ‘ ઉપાધ્યાયજી–એક ગંભીર સ્વાધ્યાય ’ એવા નામ નીચે પ્રગટ કરવાની ભાવના છે.

– તદુપરાંત, ડભોઈની દેરીમાં ઉપાધ્યાયજીના આરસ ઉપર જીવનપટો માટે લાઈનવર્કની કે હાફટોનની ડિઝાઈનો બનાવવાનું કાર્ય સં. ૨૦૧૨ની સાલથી ઊભું છે તે પૂરું કરવાનું છે.

* આ રચના ઉપાધ્યાયશ્રીની નથી, એવો ખ્યાલ છપાયા પછી મળ્યો.

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

– ઉપાધ્યાયજીનું એક ચિત્ર તો પ્રગટ થયું છે; પણ બીજું વિશિષ્ટ ચિત્ર તીવ્રેચ્છા છતાં બનાવી શકાયું નથી. શ્રેષ્ઠ ચિત્રકાર મળે તો તે બની શકે.

**પૂજ્યશ્રીની ખાસ પ્રેરણાથી છપાયેલા ગ્રંથો : ( પ્રકાશક : શ્રી મુક્તિ કમલ જૈન મોહનમાળા, વડોદરા ).** ૧. મહાવીરચરિત્ર ( ગુજરાતીમાં દળદાર ગ્રંથ ) લે. શ્રી નંદલાલ વકીલ, વડોદરા. ૨. ષટ્ત્રિંશિકા ચતુષ્ક પ્રકરણ ( નિગોદાદિ ચાર છત્રીશીઓ–ભાષાંતર-સહિત ) ( સં. ૧૯૯૦ ). ૩. નવતત્ત્વ પ્રકરણ સુમંગલ ટીકા : લે. આ. શ્રી વિજયધર્મસૂરિજી, સ્વશિષ્ય મુનિશ્રી યશોવિજયજીના ખાસ આગ્રહથી જ રચેલી ટીકા. ( સં. ૧૯૯૦ ). ૪. પ્રશ્નોત્તર મોહનમાળા ( સં. ૧૯૯૩ ). ૫. મોહનમાળા ( સ્તવનાદિ વગેરેનો સંગ્રહ ).

**બુકલેટ જૈન પંચાગો :** છેલ્લાં બાર વર્ષથી બુકલેટ પંચાંગમાં શિક્ષણની દૃષ્ટિએ પૂજ્યશ્રીએ એક ક્રાંતિકારી, તદ્દન અભિનવ આયોજન કર્યું છે. તેઓશ્રીને લાગ્યું કે બુકલેટ પંચાંગ દ્વારા હજારો ઘરમાં રહેતાં લાખો માણસોને જૈન શિલ્પ, સ્થાપત્ય, મંત્રશાસ્ત્ર, પૂજનવિધિ, ભૂગોળ, ખગોળ, આયુધો, મુદ્રા, તંત્ર વગેરે વિષયોને સ્પર્શતી બાબતોનું ચિત્રો દ્વારા જ્ઞાન સંપાદન કરવાનો સુલભ માર્ગ છે. તેથી એ પંચાગ વર્ષાન્તે પણ સંગ્રહી રાખવા યોગ્ય બને છે. દર વર્ષે આ પંચાંગોની ખૂબ માંગણી થાય છે. સહુ કોઈ પૂજ્યશ્રીની દૃષ્ટિને બિરદાવે છે. આ પંચાંગમાંનાં ચિત્રો, પ્રતીકો વગેરેનું સ્વતંત્ર પ્રકાશન કરવાની માંગણીઓ પણ થાય છે.

**લેખોનું પ્રકાશન :** પૂ. આચાર્યશ્રી વરસોથી જુદાં જુદાં દૈનિક, સાપ્તાહિક, પાક્ષિક, માસિક વગેરે બહુધા જૈન પત્રોમાં જુદા જુદા વિષયો ઉપર લેખો લખતા રહ્યા છે. આ લેખો મેળવીને તેની યાદી પ્રગટ થાય એ જરૂરી અને ઉપયોગી છે.

—શક્ય હોય ત્યાં સુધી ઉપર નોંધો પૂરી આપવાનો પ્રયત્ન કર્યો છે. બાકીની નાની કૃતિઓ, શિલ્પની કૃતિઓ, કલાકૃતિઓની નોંધો કદ વધી જવાના ભયે આપી નથી.

પૂ. આચાર્યશ્રી હસ્તક હાલમાં તૈયાર થઈ રહેલાં અને થનારાં તેમ જ સત્વરે બહાર પડનારાં કલાને લગતાં વિવિધ પ્રકાશનોની યાદી :–

( આ યાદી સં. ૨૦૪૭માં યતૌર કરે છેલી. )

૧. ભગવાન મહાવીરના ચિત્રસંપુટની ત્રીજી આવૃત્તિ : નવાં ૧૩ ચિત્રોના ઉમેરા સાથે ૪૮ ચિત્રો : વિવિધરંગી–આકર્ષક.

૨. જૈન સાધુની ૨૪ કલાક દરમિયાનની સમગ્ર દિનચર્યાનાં ૪૦ રંગીન ચિત્રો.

૩. પેપર-કટિંગમાં ભગવાન મહાવીરની તથા અન્ય ડિઝાઈનો સાથેનું લગભગ ૮૦ આકૃતિઓનું ઝેરોક્ષ પ્રકાશન.

૪. ભગવાન મહાવીરના ચિત્રસંપુટમાં ત્રીજી આવૃત્તિમાં છાપેલી ૮૦ બોર્ડરો અને ૧૮૫ પ્રતીકોના પરિચય સાથેનું પ્રકાશન.

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

૫. ભગવાન મહાવીરના લાઈનવર્કનાં ૩૫ ચિત્રો. (પ્રકાશિત).

૬. શ્રી આદિનાથ, શ્રી શાંતિનાથ, શ્રી નેમિનાથ, શ્રી પાર્શ્વનાથ વગેરે ૨૩ તીર્થંકરોનાં (ભગવાન મહાવીરના સંપુટ જેવાં જ) ચાર રંગમાં, ઓફસેટમાં તૈયાર કરાવેલાં ચિત્રો.

તદુપરાંત, પાણિની-ધાતુકોશ, દસે પ્રકારના ધાતુઓનાં સંપૂર્ણ રૂપો, ટિપ્પણો સાથે પ્રત તૈયાર છે. શ્રી હરિભદ્રસૂરિકૃત યોગવિંશિકાના બે-ત્રણ ખંડોના શ્લોકોનો અનુવાદ પણ તૈયાર છે.

❀ વિવિધ ચિત્રો સાથે સિદ્ધચક્ર બૃહદ્દયંત્ર પૂજનવિધિ તથા પદ્માવતી પૂજનવિધિ વગેરે પ્રકાશનો.

❀ સૂરિમંત્ર યંત્રનું સંશોધન ચાલે છે.

❀ પૂ. ઉપાધ્યાયજી યશોવિજયજી મહારાજની દ્વાત્રિંશિકાના કઠિન શ્લોકોનું ભાષાંતર.

❀ પૂજ્યશ્રી મંત્ર-યંત્ર વિદ્યામાં પણ સારા અભ્યાસી છે. તેઓશ્રી દ્વારા છેલ્લાં સેંકડો વર્ષોમાં ન થયાં હોય તેવાં મંત્ર-યંત્રનાં ક્ષેત્રે સંશોધનો થયાં છે. એમાં સિદ્ધચક્ર બૃહદ્દયંત્ર, ઋષિમંડલ બૃહદ્દયંત્ર અને પદ્માવતીજી બૃહદ્દયંત્ર- આ ત્રણ મહત્ત્વપૂર્ણ રચનાઓ છે.

❀ પોતે શ્રેષ્ઠ અવધાનકાર હોવાથી અને અવધાનવિદ્યામાં નિષ્ણાત હોવાથી 'અવધાન કેમ શીખવાં ?' એની થોડીક પદ્ધતિઓ ગુજરાતી પદ્યમાં ઉતારી છે.

❀ નાની ઉંમરથી જ કંઈક ને કંઈક સર્જન કર્યા કરવું એવા સંસ્કાર હોવાથી, સિદ્ધાંતકૌમુદીના કારક પ્રકરણ ઉપર, વૈયાકરણ ભૂષણસાર વગેરે વ્યાકરણ વિષયક ગ્રંથના શરૂઆતના અમુક ભાગ ઉપર તેમ જ કાદમ્બરીના સમાસવિશ્લેષણ પર પણ કલમ ચલાવી છે.

❀ સં. ૧૯૯૩માં પોતાના શિષ્ય સમાન જગન્નાથ ફોટોગ્રાફરને સાથે રાખીને મોડેલ ઉપરથી ચિત્રો બનાવવાનું શરૂ કર્યું હતું તે ડ્રોઇંગની એ બુક વિદ્યમાન છે.

* સંગ્રહણી ગ્રંથનાં થોડાંક રંગબેરંગી ચિત્રોનું ઓળીયું સંગ્રહસ્થાનમાં ૧૩ વર્ષની ઉંમરે ચીતરેલું તે તેઓશ્રી પાસે છે.

* સંગ્રહણીનાં નવાં તૈયાર કરેલાં ચૌદ રાજલોકનાં, ૧ થી ૪ રંગનાં ૭૫ ચિત્રોની વધારાની બુક પણ પ્રકાશિત થનાર છે.

આમ, ધર્મ, સંસ્કૃતિ, કળા, સાહિત્ય, વિદ્યાઓ આદિ—ઇત્યાદિ અનેક ક્ષેત્રમાં અસંખ્ય સંશોધનો-સંપાદનો-સર્જનો કરનાર પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય યશોદેવસૂરીશ્વરજી મહારાજ લાખ લાખ વંદનના અધિકારી છે!

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org